Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૧ • તા. ૨૩ મે ૨૦૧૬ થી ૨૯ મે ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



# કચ્છ એકમ ક્રિકેટ કાર્નિવલ – ૨૦૧૬ ની યાદગાર ઝલક



# શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ દ્વારા આયોજીત ક્રિકેટ કાર્નિવલ - ૨૦૧૬

કચ્છ એકમના ઈતિહાસમાં તા. ૨૩/૨૪ એપ્રિલ ૨૦૧૬ સુર્વણ અક્ષરે અંકાઈ ગયો. આ બે દિવસીય ક્રિકેટનુ ઉત્સવ 'કચ્છ એકમ ક્રિકેટ કાર્નિવલ-૨૦૧૬' ના નામે ખુબજ ઉમદા ખેલદીલીની ભાવના અરસપરસ સહકાર ઉમળકાભેર અને યુવાનો ની ખુમારી ભરી ક્રિકેટ પ્રત્યેની લગનથી દર્શનીય દ્રશ્યો સાથે સંપન્ન થયો. કચ્છ એકમ દ્વારા જ્ઞાતી યુવાનોને કરેલા આહવાનના ખુબજ ટુંકા સમયમાં આવેલ પ્રતિસાદ રૂપ સમગ્ર ભારત માંથી નીચે મુજબની ૧૩ ટીમોએ ઉત્સાહ ભેર ભાગ લઈ કચ્છ એકમના પ્રયાસને સફળતાના શિખરે પંહોચાડયો.

(1) ABDASA-XI (2) KDO YUVA BHUJ (3) BHUJ RANGERS (4) V13-VADODARA
(5) VISHWA XI-GANDHIDHAM (6) WARRIORS XI-GANDHIDHAM
(7) VIMALNATH XI-GANDHIDHAM (8) AMDAVADI PALTAN (9) JALGAON GIANTS
(10) RAMAPEER STRIKERS-DOMBIWALI (11) KDO SHIVAM STALLIONS-GANDHIDHA
(12) SURAT DIAMONDS (13) MULUND YOUNGSTER'S GROUP

સૌપ્રથમ તા. ૨૩ના સવારે નવકારમંત્રનો પઠન અને શ્રી રમેશભાઈ દંડ-માજીપ્રમુખ કચ્છ એકમ, શ્રી મહેશભાઈ લાલકા -પ્રમુખ કચ્છ એકમ, શ્રી હરીશભાઈ લાલકા - પ્રમુખ ગાંધીધામ મહાજન, શ્રી મુકેશભાઈ દંડ - શિવમ લોજીસ્ટીકસ, શ્રી જવેરચંદભાઈ ખોના - એકટીવ કાર્ગો મુવર્સ, શ્રી મુલચંદભાઈ મોતા - પ્રમુખ નલિયા મહાજન, શ્રીમતી મીનાબેન લાલકા - પ્રમુખ એકતા મહીલા મંડળ, શ્રી લહેરચંદભાઈ ખોના - મંત્રી કચ્છ એકમ ના વરદ હસ્તે દિપ પ્રાગ્ટય કરી કાર્યક્રમને ખુલ્લુ મુકવામાં આવેલ અને દરેક ટીમોને ધ્વજ અને કેપ વિવિધ દાતાઓ અને જ્ઞાતિજનો ના હસ્તે અર્પણ કરવામાં આવેલ અને દરેક ખેલાડી ને ડ્રેસકોડ માટે ટીમના લોગો નામ સાથે ટી-શર્ટ આપવામાં આવેલ. ઉદઘાટન સમારંભ નો સંચાલન શ્રી પ્રદિપભાઈ ખોના એ સંભાળેલ.
કચ્છ એકમ ક્રિકેટ કાર્નિવલને સફળ બનાવવા કચ્છ વિસ્તારના ક્રિકેટ પ્રેમી દાતાઓએ ઉદાર દિલથી પોતાની વ્યવસાહિક પ્રતિષ્ઠાનોની શુભેચ્છા આપી આર્થિક સહયોગ આપેલ.

**પ્લેટીનમ દાતા :** શિવમ લોજીસ્ટીકસ-ગાંધીધામ (શ્રી મુકેશભાઈ હીરાચંદભાઈ દંડ અને શ્રી રવિભાઈ બાંભી)

**ડાયમંડ દાતા :** એકટીવ કાર્ગો મુવર્સ - ગાંધીધામ (શ્રી આણંદજી હીરજી ખોના પરીવાર)

**ગોલ્ડન દાતા :** (૧) શ્રી ચિંતામણી સોલ્ટ વર્કસ (શ્રી ખીમજી ચત્રભુજ લાલકા પરીવાર)-આદિપુર
(૨) ફ્રેન્ડસ ગ્રુપ ઓફ કંપનીસ-ગાંધીધામ

**સિલ્વર દાતા :** (૧) હર્ષિત લોજીસ્ટીકસ એન્ડ બ્રાઈટ કોમોડિટીસ - ગાંધીધામ
(૨) ઈકોફ્રેશ સોલ્ટ એન્ડ ટી-ગાંધીધામ (૩) શ્રી વિનાયક પેટ્રોલીયમ - ગાંધીધામ

## : શુભેચ્છક દાતાશ્રીઓ :

(1) Kashyap Shipping - Gandhidham
(2) Shree Rama Krishna Freignt Carrier- Gandhidham
(3) J. R. Roadlines Pvt. Ltd.- Gandhidham
(4) Sai Krupa Freight Carrier- Gandhidham
(5) Okhawala Logistics- Gandhidham
(6) Gujarat Logistics- Gandhidham
(7) Rishabh Tyres- Gandhidham
(8) Bhai Pratap Township- Gandhidham
(9) Shree Shipping Services- Gandhidham
(10) A. D. Mehta Clearing Agency- Gandhidham
(11) Shrimati Shitalben Amitbhai Mota- Gandhidham
(12) Abhishek Freight Carrier- Gandhidham
(13) Kandla Logistics- Gandhidham
(14) Ramapir Developers-Dombivali
(15) Friends Group (shri Sunilbhai Shamjibhai Gosar)
(16) Janarddhan Joshi - Gandhidham
(17) Gayatri Cateres - Gandhidham
(18) Matrushree Tejbai Laljibhai Lodaya - Arvindbhai & Bhupenbhai
(19) S. Ramdas Pragji Forwarders Pvt. Ltd. - Gandhidham
(20) Shreeji Roadways- Gandhidham
(21) Gudwin Logistics- Gandhidham
(22) Vora Trans Freight Carriers - Gandhidham
(23) A. B. Logistics- Gandhidham
(24) Shri Bharatbhai Hansrajbhai Vikamshi - Varapadhar (Dombivali)
(25) Shri Chimanbhai Meghjibhai Mota- Varapadhar (Mulund)
(26) Surat Dresswala & Bachaparty- Gandhidham
(27) Sai Cashew Shop- Gandhidham
(28) Samarth Heavy Lifters- Gandhidham
(29) Shree Ambica Logistics- Gandhidham
(30) Shree Mulrlidhar Transport- Gandhidham

ક્રિકેટ કાર્નિવલનું આયોજન ગાંધીધામ શહેર હાર્દ સમા વિશાળ અને ભવ્ય ગુરૂકુળ ના રમત ગમત મેદાન પર કરવામાં આવેલ મેદનની ચારે તરફ લીમડાના ઘટ્ટાદર વૃક્ષોની હાર માળા, પ્રેક્ષક ગણની બેસવા માટે પેવેલીયન તેમજ કોમેન્ટરી અને સ્કોરની નોંધણી માટે એકદમ અલદાયી વ્યવસ્થા કરવામાં આવેલ. મેદાનની બાઉન્ડ્રીને આર્થિક સહયોગ આપનાર સર્વેના વ્યવસાહીક પ્રતિષ્ઠાનના બેનર થી સજાવવામાં આવેલ. વધુમાં **Kutch Ekkam** અને **KCC-2016** ના નામ સાથે સંપૂર્ણ બાઉન્ડ્રીની સજાવટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચની ઝલક આપતી હતી. મેદાન પર **KCC-2016** નો લોગોની રંગીન ચિત્રામણ કરવા માં આવેલ વધુમાં પ્લેટીનમ અને ગોલ્ડન દાતાઓના વ્યવસાયીક પ્રતિષ્ઠાનના હોર્ડીંગ અપ્રતિમ છાપ આપતા હતા.
દરેક મેચો માટે તટસ્થ અમ્પાયરો અને મેચ રેફરીની સેવાલેવા માં આવેલ તેમજ મેચોની બોલ ટુ બોલ કોમેન્ટરી અને ટેકનોલોજીના સહયોગથી આ બધી મેચોની બોલ ટુ બોલ સ્કોર નેટ પર અપલોડ કરવામાં આવેલ જેનો લાભ દેશ દેશાવર વસતા દરેક જ્ઞાતિજનોએ લીધેલ. મેચો નિહાળવા નલીયા, ભૂજ, અંજાર, આદિપુર તેમજ ગાંધીધામથી વિશાળ સંખ્યામાં ભાઇ-બહેનો એ હાજરી આપી દરેક ટીમોનો ઉત્સાહ વધારેલ. બપોરે જમવાની અને ચા-પાણી ની વ્યવસ્થા તથા ખેલાડીઓ માટે એનર્જીડ્રિંક્સ ની વ્યવસ્થા મેદાન પર રાખવામાં આવેલ. બન્ને દિવસ માટે સવારે નાસ્તાની અને સાંજે જમવાની તેમજ રહેવા ઉતરવાની સંપૂર્ણ વ્યવસ્થા આદિપુર મધ્યે લચ્છવાણી ધર્મશાળા મધ્યે રાખવામાં આવેલ જેની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી રાજેશ મુલજી મૈશેરી, ભદ્રેશ ખીમજી લાલકા અને શ્રી કેતન આણંદજી મોમાયાએ સંભાળેલ. તા. ૨૩-૦૪-૧૬ ના સાંજના જમણવાર પછી ખેલાડીનો મનોરજંન માટે **D.J.** નું પણ આયોજન કરવામાં આવેલ જેમાં સર્વે ખેલાડીઓએ ભાગ લઇ ખૂબજ આનંદ માણેલ.
કચ્છ એકમના આમંત્રણને માન આપી વિવિધ સંસ્થાઓના મહાનુભાવો મેચ નિહાળવા તેમજ શુભેચ્છા પાઠવવા પ્રત્યક્ષ હાજરી આપી આયોજકોનો ઉત્સાહ વધારેલ. જેમાં નોંધનીય અગ્રણીઓમાં શ્રી રમેશભાઇ દંડ,
શ્રી પદમશીભાઇ લાલકા, શ્રી ચીમનભાઇ મોતા, શ્રી ભરતભાઇ વિકમશી, ગુરૂકુળના સ્વામીજી,
શ્રી હિરેનભાઇ મોતા, શ્રી મુલચંદભાઇ મોતા, શ્રી મધુકાંતભાઇ શાહ, શ્રી કલ્પેશ માણેકજી છેડા,
શ્રી શાંતીલાલભાઇ લોડાયા અને અન્ય જ્ઞાતિજનોએ પોતાની પ્રત્યક્ષ હાજરી આપી ખેલાડીઓ અને કાર્યકરોનો ઉત્સાહ વધારેલ.
આ ટુર્નામેન્ટમાં ૧૩ લિગ મેચો, ૨ સેમીફાઇનલ મેચ અને ફાઇનલ મેચ રમાયેલ. ફાઇનલ મેચ રામાપીર સ્ટ્રાઇકર અને ભુજ રેન્જરર્સ વચ્ચે રમાયેલ જેમાં રામાપીર સ્ટ્રાઇકર વિજેતા થયેલ.
ફાઇનલ મેચના પરિણામ પૂર્ણ થયા બાદ 'કચ્છ એકમ ક્રિકેટ કાર્નિવલ' સમાપન સમારંભ મેદાનની બાજુમાં ગોઠવવામાં આવેલ મંચ પર આપવામાં આવેલ. સમારંભની શરૂઆત કચ્છ એકમ પ્રમુખશ્રી મહેશભાઇ લાલકાના સ્વાગત પ્રવચન થી કરવામાં આવી ત્યાર બાદ શ્રી કચ્છ એકમના ઉપપ્રમુખ શ્રી અરવિંદભાઇ લોડાયા, શ્રી પદમશીભાઇ લાલકા અને શ્રી મધુકાંતભાઇ શાહ, શ્રી દિપકભાઇ લોડાયા એ પ્રસંગો ઉચીત ઉદબોધન કરેલ. દરેક ટીમોના ખેલાડીઓએ પોતાના પ્રતિભાવ આપેલ.
ત્યાર બાદ ચેમ્પીઅન ટીમ રામાપીર સ્ટ્રાઇકર-ડોમ્બીવલી ને આયોજનના પ્લેટીનમ દાતા શિવમ લોજીસ્ટીકસના પાર્ટનર શ્રી મુકેશભાઇ દંડ અને શ્રી રવિભાઇ બાંભીના હસ્તે અને રનર્સઅપ ટીમ ભુજ રેન્જર્સ ને ગોલ્ડન દાતા એકટીવ કાર્ગો મુવર્સ-ગાંધીધામ આણદજી હીરજી ખોના પરીવારના હસ્તે ટ્રોફી અને બધાજ ખેલાડીઓને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. ટુર્નામેન્ટના મેન ઓફ ધી સિરીઝ-અંકિત લાપસીયા, બેસ્ટ બેસ્ટમેન-ધવલ મોતા,
બેસ્ટ બોલર-દેવ દંડ, બેસ્ટ ફિલ્ડર નયન લોડાયા, ફેરપ્લે એવોર્ડ - મુલુંડ યંગસ્ટર્સ ગ્રુપ અને ૧૬ મેચના મેન ઓફ ધી મેચ થનાર દરેકને ટ્રોફી તેમજ ટુર્નામેન્ટ માં ભાગ લેનાર દરેક ખેલાડીઓને મેડલ અને સર્ટીફિકેટ દાતાશ્રીઓ અને મહેમાનોના હસ્તે અર્પણ કરવામાં આવેલ.
આ સંપુર્ણ આયોજનને સફળ બનાવવા કચ્છ એકમ કારોબારી કમીટીના સર્વે સભ્યો, યુવા કાર્યકરો મનીષ ખોના, મીકીર ખોના, હિતેન છેડા, અમિત નાગડા, વિરાજ મૈશેરી, રાહુલ લોડાયા, દિલીપ મોતા, જયેશભાઇ દંડ, રૂષભભાઇ નાગડા, મનીષભાઇ મોમાયા, ધવલ લોડાયા, પ્રદિપભાઇ ખોના, હરીશભાઇ લાલકા, વિપુલભાઇ મૈશેરી, નીલયભાઇ દંડ અને શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ, શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ (સાર્થક), એકતા મહિલા મંડળ ગાંધીધામ, અને સર્વે જ્ઞાતિજનોનો સંપુર્ણ સહકાર મળેલ. સમાપન સમારોહનો સંચાલન શ્રી પ્રભુલાલભાઇ સંઘવીએ કરેલ. આભારવિધી કચ્છ એકમના મંત્રીશ્રી લહેરચંદ ખોનાએ કરેલ.
આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આપેલ સહકાર બદલ સર્વે દાતાશ્રીઓ, શુભેચ્છકો અને જ્ઞાતિજનો નો કચ્છ એકમ અનુમોદના સાથે ખુબ ખુબ આભાર વ્યકત કરે છે.

**Admin. Office : Plot No. 59, Sector 1-A, B/h. Municipal Vegetable Market, Gandhidham (Kutch) - 370 201**
**E-mail : kutchekkam@gmail.com**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

K.D.O STUDENTS ASSOCIATION
ESTD : 1954

62 Shree KDO Students Association

## નોટબુક વિતરણ યોજના

**રવિવાર, તા. ૨૨.૦૫.૨૦૧૬ થી બુધવાર, તા. ૧૫.૦૬.૨૦૧૬**

વિદ્યાર્થીસંઘ દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના દાતાશ્રીઓના સહયોગે રાહત દરે નોટબુક વિતરણ યોજનાનું આયોજન કરેલ છે. આ વિતરણનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ છે. નોટબુકની કિંમત અને મર્યાદા નીચે મુજબ રહેશે...



**૨૦૦ પાનાની જમ્બો લોંગબુક**
**રૂા. ૧૫૦/- પ્રતિ ડઝન ના દરે**

**₹ 150/-**
**પ્રતિ ડઝન**

વિદ્યાર્થી દીઠ ૨ ડઝનની મર્યાદા માં રહેશે. જ્ઞાતિનો કોઇપણ વિદ્યાર્થી આ યોજનાનો લાભ લઇ શકશે. આ યોજનામાં જ્ઞાતિનો કોઇ પણ વિદ્યાર્થી, વિદ્યાર્થીસંઘનો સભ્ય હોવો જરૂરી નથી. વિદ્યાર્થીએ સાથે **ઓરીજીનલ માર્કસીટ સાથે તેની ઝેરોક્ષ નકલ સાથે લાવવી જરૂરી છે.** જેમના રીઝલ્ટ ન આવેલ હોય તેઓ પોતાના આ વર્ષની હૉલ ટીકીટ અને તેની ઝેરોક્ષ સાથે લાવવી આવશ્યક છે.

આ યોજનામાં નોટબુક વિતરણ સમય મર્યાદા રવિવાર, તા. ૨૨.૦૫.૨૦૧૬ થી બુધવાર, તા. ૧૫.૦૬.૨૦૧૬ સાંજે ૭.૦૦ થી ૯.૦૦ દરમ્યાન રહેશે.

| વહેલા તે પહેલા ધોરણે નોટબુકો પ્રાપ્ત કરી લેવા વિનંતી. આ માટે પ્રાપ્તી સ્થળના કેન્દ્રો | |
|---|---|
| મસ્જીદ બંદર | મિત્તલ તિલેશ ધરમશી, ૨૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ, ૧ લે માળે, બાલ મંદીર, ભાત બજાર. મો. 9773008712 |
| વડાલા | સ્મિત તિલક લોડાયા, પાર્શ્વનાથ એન્ટરપ્રાઇઝ, શોપ નં. ૨૪, શોપી લિન્ક, દોસ્તી એકર્સની સામે, એન્ટોપ હીલ. મો. 9167244024 |
| ઘાટકોપર (પૂર્વ) | લીનાબેન હિતેન લોડાયા, એ-૧, જયંતિ બિલ્ડીંગ, ૬૦ ફીટ રોડ, ગાર્ડન એવેન્યુ લેન, મહારાષ્ટ્ર બેન્કની સામે, મો. 9769411010 |
| કાંજુરમાર્ગ (પૂર્વ) | પૂજા નિતીન લોડાયા, સી-૪૦૨, અનંતનાથજી કોમ્પ્લેક્સ, નેહરૂ નગર. મો. 8286361451 |
| ભાંડુપ (પશ્ચિમ) | દેવાંગ હંસકુમાર નાગડા, અતિથિગૃહ નં. ૧, અનંત સિધ્ધિ, એલ.બી.એસ. રોડ. મો. 9969117558 / નીરવ મહેન્દ્ર મોતા-7666346732 |
| મુલુંડ (પૂર્વ) | ભક્તિ જયેશ દંડ, ૬૦૩, ચેરિઓટ કો.ઓ.સોસાયટી, નવઘર રોડ, સાઇ કોમ્પ્લેક્સની બાજુમાં. મો. 9769396090 |
| મુલુન્ડ (પ.) | એકતા ભરત લોડાયા, રાજેશ્વરી, સી-૧૦૧, પી.કે. એક્સ્ટેન્શન રોડ. મો. 9769981860 |
| | નેહલ ખુશાલ વિકમશી, એ-૬, ગીરીરાજ બ્રીજવાસી ભુવન, વાલજી લધા રોડ, હીરા મોંઘી હોસ્પીટલ સામે, મો. 9594888731 |
| | એકતા ઉદય લોડાયા, બી-૨૨, શ્રી કૃષ્ણધામ બીલ્ડીંગ, વીણા નગર, એલ.બી.એસ. માર્ગ, મો. 9769502277 |
| | ફોરમ ઉદય નાગડા, ૨૪, કૈલાશ કુંજ, આર.આર.ટી. રોડ, જુની કેનેરા બેંકની સામે, શીતલ આયુર્વેદિકની ઉપર. મો. 9969528677 |
| થાણા (પશ્ચિમ) | લબ્ધી નિરેન લોડાયા, ૭, ૪થે માળે, સાઇ કૃપા એપાર્ટમેન્ટ, યોગેશ ડેરી પાસે, જૈન ક્લીનીક પાછળ,ચરઇ. મો. 9757296740 |
| વાશી (નવી મુંબઇ) | ચાંદનીબેન પરેશ લાલકા, ૨૪૩/૬, નિશાંત વિલા, સેક્ટર-૨૮, વાશી, નવી મુંબઇ-૪૦૦૭૦૩ મો. 9833225053 |
| ડોંબિવલી (પૂર્વ) | મૈત્રી ખીરેશ ધ્રોળ, એ-૪, નવ ચેતન સોસાયટી, તુકારામ નગર, આયરે રોડ. મો. 9664157745 |
| | અભય અશોક લાપસીયા, એ-૩, ત્રિગુણા કો.ઓ.સોસા., સંગીતાવાડી, લક્ષ્મીબાઇ નેરૂલકર રોડ. મો. 9870316896 / 9920533431 |
| ડોંબિવલી (પશ્ચિમ) | શુભમ મહેન્દ્ર લાપસીયા, એ-૩૦૮, જયેશ કૃપા સોસાયટી, કર્વે રોડ, ભાગ શાળા મેદાનની પાસે. મો. 8898451456 |
| | બીના નિલેશ મૈશેરી, ૧૭, ૩જા માળે, ગુરૂદીપ બિલ્ડીંગ, ઉમેશ નગર, સ્વસ્તિક પાર્ક ટાવર સામે. મો. 7506176319 |
| | ડિમ્પલ કુલીન લોડાયા, ૦૦૩, ઇશ્વર કૃપા, કોપર ક્રોસ રોડ, શાસ્ત્રી નગર, વાશી બસ સ્ટોપની બાજુમાં. મો. 9920223617 |
| મુંબઇ બહાર માટે | હેમિલ જયેશ દંડ મો. 9819985339 / દિવેશ યોગેશ લોડાયા મો. 9320315561 |

**શ્રી લાલજી રામજી બુક બેન્ક યોજના કોલેજ વિદ્યાર્થીઓ માટે ટેક્સ્ટ બુક દર રવિવારે બપોરે ૧૨:૩૦ થી ૨:૩૦ દરમ્યાન મળશે.**

લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ વ્યવસ્થાપક સમિતિ, કાર્યાલય સમિતિ અને સંપર્ક સભ્યો વતીથી
શ્રી તેજસ મહેન્દ્ર ખોના (પ્રમુખ) | શ્રી હેમિલ જયેશ દંડ (માનદ્‌મંત્રી)

## સંતાનોને સારી જિંદગી આપવા ઘડિયાળના કાંટે બંધાયેલ એ માતાને સલામ !

‘નીલ બટે સન્નાટા’ની ફિલ્મમાંની માતાને એક સપનું છે. દીકરીને પોતાની ઢસરડાની જિંદગીમાંથી આગળ ઉંચે પહોંચાડવાનું. પણ એ પોતાનું સપનું સંતાન પર લાદતી નથી. માત્ર સંતાન ખુદના સપના જોઈને એ સાકાર કરે એટલી જ એની તમન્ના છે.




ફિલ્મમાં બહુ મર્મવેધક સંવાદો છેઃ ‘ગરીબોને સપના જોવાનો હક્ક નથી.’ પણ એનો સોલિડ જવાબ પણ ‘મા’ શબ્દો ને બદલે વર્તનથી આપે છે : ગરીબ તો એ છે, જે સપના જોતો જ નથી !

મુકુલ ચોકસીનાં શબ્દોમાં ‘માં’ની દુનિયા લપેડા-થપેડા વગરની હોય છે. ‘મા’ વિશે લખતાં ભીંજાઈ ગયેલી પેનમાં ભળેલી ખારાશને સિફતથી લૂછી નાખવાની ઘટનાને ફરફરિયા પાછળ ‘મા’ના કારમાં ઉજાગરાઓના ઢગલા પડ્યા હોય છે !

આવી જ એક માતા મેં ક.દ.ઓ. સમાજમાં જોઈ. પતિની ટુંકી આવકમાં ઘર ચલાવવું ઘણું અઘરું હતું. પોતે કમર કસી. શરમ છોડી. પાણીપુરીની લારી રોડ પર ઊભી કરી. તેમાંથી કમાઈને રસોઈ કરીને લોકોને જમાડ્યા. ટીફીન સર્વીસ શરૂ કરી. સ્ટેશનપર આપણા લોકોને ટીફીન પહોંચાડ્યા. સખત મહેનત કરી. આર્થરાઈટિસથી પોતાના બન્ને પગના ઘુંટણ ગુમાવ્યા. છતાં હિમ્મત હારવાનું નામ લે એ આ સ્ત્રી નહીં. સવારના ચાર વાગે ઉઠીને ગાંધીનગર પાસે આવેલા પેથાપુરમાં અગ્નિકર્મની ટ્રીટમેન્ટ લગભગ છ-આઠ મહિના લઈને ઘુંટણ સારા કરાવ્યા. ગજબની હિમ્મત.

જે સ્ત્રીને ઊંડાન ભરવી છે... અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરવી છે... તેને કોઈ રોકી શકતું નથી. આ સ્ત્રી ગરીબાઈથી હારી નહીં અને મુશ્કેલીએ સામે ઝૂકી નહીં.

આપણી સ્ત્રીઓ જ્યારે ઘરની ચાર દીવાલોમાં જ પુરાઈ રહે છે ત્યારે પોતાના દીકરાને આગળ ભણાવવા, ઈઅ કરાવવા માટે રોડપર લારીમાં ફરસાણ-પાણીપુરી વેચી પાતાના પેશન તરીકે અપનાવી આગળ વધવું તે એક સામાન્ય સ્ત્રી માટે પડકારરૂપ હતું.

તમારી સામેના કપરા પડકારોને કઈ રીતે સોનેરી તકમાં પલટી શકાય એ જાણવું હોય તો પ્રતિભા હંસકુમાર લોડાયા (તેરા-વડોદરા) પાસેથી જાણી શકાય. તમારે તમારા વ્યવસાય માટે નિયમિતતા અને સમર્પણ જોઈએ. જ્યારે તમારા ધ્યેયને પુરું કરવા માટે પેશન અને દૃઢ મનોબલ જોઈએ. આ બેના સંગમથી જ આજે પોતાના પુત્રને ઈઅ ની છેલ્લી પરીક્ષા સુધી પહોંચાડવામાં અને પોતાનું ઘર લેવામાં સક્ષમ અને સફળ થયા છે.

પોતાના કરતાં વધુ સારી જીંદગી સંતાનોને મળે એ માટે ઘડિયાળની જેમ સતત ચાલતી અને દિવાની જેમ સતત બળતી આ માતા સામે ઝુકવું જ પડે.

- જ્ઞાતિ હિતેચ્છુ.

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક/વ્હાઇટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna
Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 766668881 / 7666622229


**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 21/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## પાલીતાણાના આદિશ્વરદાદાના દરબારની સાલગીરી બધા જૈનોએ મહાપર્વ તરીકે ઉજવવી જોઈએ.



સમગ્ર ભારતમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની એનકાનેક તીર્થો છે.એ પૈકી ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલા પાલિતાણા શહેરનું શ્રી શત્રુંજય મહાતીર્થ જૈનોનું સૌથી મોટું, સૌથી શ્રેષ્ઠ અને સૌથી પવિત્ર તીર્થસ્થાન માનવામાં આવે છે. પ્રતિ વર્ષ લાખો લોકો આ મહાતીર્થની યાત્રાએ અહીં પધારે છે.

આ અવસર્પિણી કાળમાં શ્રી શત્રુંજય ગિરિરાજના ભરત ચક્રવર્તીથી આજ સુધીના સોળ ઉદ્ધારો થયા છે અને સત્તરમો છેલ્લો ઉદ્ધાર છઠ્ઠા આરામાં આચાર્ય શ્રી દુપ્પહસૂરિજી મહારાજના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે એવું શાસ્ત્રકારોનું કથન છે. વર્તમાન સમયમાં આ તીર્થનો સોળમો ઉદ્ધાર કર્માશાહે વિક્રમ સંવત ૧૮૫૭ ઈ.સ. ૧૫૩૧ના વૈશાખ વદ-૬ના કરાવ્યો છે. કર્માશાહના શ્રી શત્રુંજય તીર્થના આ સોળમા, છેલ્લા ઉદ્ધારનું ઘણું ઐતિહાસિક મહત્ત્વ છે. એ સમયે કર્માશાહે સવા કરોડ જેટલા અધધધ કહી શકાય એટલા દ્રવ્યનો વ્યય કર્યો હતો.

કર્માશાહના શ્રી શત્રુંજય તીર્થના સોળમા ઉદ્ધારને આજે સાડાચાર સૈકાથી અધિક સમય વીતી ગયો છે. આ તીર્થનો વહીવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પ્રતિવર્ષ આ તીર્થના અધિપતિ શ્રી આદીશ્વરદાદાની સાલગિરહ ધામધૂમથી ઊજવવામાં આવે છે. શ્રી શત્રુંજય તીર્થ ભારતભરના જૈનોનું મહાન તીર્થ છે. આ તીર્થ સર્વ જૈનો માટે પ્રાણસમું છે. આ તીર્થ અને એના અધિપતિ શ્રી આદીશ્વરદાદાની મનમોહક પ્રતિમા લાખો લોકો માટે શ્રદ્ધા અને ભક્તિના પરમ સ્રોત સમી બની રહી છે. આ અજોડ તીર્થ અને શ્રી આદીશ્વરદાદાની ચમત્કારિક પ્રતિમાનો મહિમા આજે પણ સકળ વિશ્વમાં પોતાનો અપ્રતિમ પ્રભાવ પાથરી રહ્યો છે ત્યારે વૈશાખ વદ-૬ના દાદાના જિનાલયની આ સાલગિરહનો સુવર્ણ અવસર જૈનોએ ક્યારેય ભૂલવો ન જોઈએ. ભારતના બધા સંઘોમાં વૈશાખ વદ-૬નો આ દિવસ એક મહાપર્વ તરીકે જાહેર થવો જોઈએ અને શક્ય એટલી વિશાળ સંખ્યામાં જૈનોએ આ પ્રસંગે પાલિતાણા પહોંચી પોતાની તીર્થભક્તિનો પરિચય આપવો જોઈએ. હવે પંદર વર્ષ પછી વિક્રમ સંવત ૨૦૩૧ના વૈશાખ વદ-૬ના શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદીશ્વરદાદાની ૫૦૦મી સાલગિરહ આવશે. એનો મહામહોત્સવ દેશ-વિદેશમાં શાનદાર રીતે ઊજવાય એવો માહોલ સર્જવો જોઈએ. બધા જૈનોએ આ મહાન દિવસે ગિરિરાજની યાત્રા અને દાદાની ભક્તિની સુવર્ણ તક ચૂકવી ન જોઈએ.

**- ચીમનલાલ કલાધર**

**(આગામી વૈશાખ વદ-૬ તા. ૨૭.૫.૨૦૧૬ શુક્રવારના છે.)**

## શ્રી મહાકાલી દેવી ૨૧માં વરસના ભક્તિ ઉત્સવે આમંત્રણ

શ્રી અચલગચ્છાના દેવી શ્રી મહાકાલી માતાજી ભક્તિ ઉત્સવ ૨૧મું વરસ આસો સુદ ૨ રવિવાર, તા. ૨.૧૦.૨૦૧૬ ઘાટકોપર મુંબઈ સવારે ૮.૦૦ થી ૨.૦૦ પૂજન-દર્શન-વંદન-પહેડી પ્રસાદ ભક્તિ સંગીત સાથે દર વરસની જેમ ઉજવાશે. પૂના-નાસીક-કોચીના ભાગ્યશાળી પરિવારાએ લાભ લીધેલ છે. હજી બે પરિવારો લાભ લઈ શકશે. નકરા વિશે જાણકારી પૂજ્ય યતિશ્રી મુંબઈ અનંતનાથજી તથા મુકેશ મૈશેરી મુલુન્ડ પાસેથી મેળવશો.

**આપ સૌ ભાવિકોને મહાકાલી પૂજન ઉત્સવમાં પધારવા**
**દાતા પરિવારો અને મંદિર ટ્રસ્ટ તરફથી અગ્રિમ આમંત્રણ**
**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ ના આશીર્વાદ.**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## ૭૬ મા સમૂહ લગ્નના દાતાશ્રીની નામાવલી

| | |
|---|---|
| **૨૫,૦૦૦** | |
| **માતુશ્રી સુશીલાબાઈ કાંતીલાલ ધરમશી** | ભરુડીયા -દાદર |
| **માતુશ્રી તેજબાઈ વિશનજી છેડા** | સુથરી-ડોંબીવલી |
| **૨૧,૦૦૦** | |
| **એક સદગૃહસ્થ તરફથી** | -ડોંબીવલી |
| **૧૫,૦૦૦** | |
| **શ્રી મહેન્દ્ર બી. ખીમજી** | તેરા - મુંબઈ |
| **૧૧,૦૦૦** | |
| **માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા** | રાપર ગઢવારી-મુંબઈ |
| **માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા** | વરાડીયા - માટુંગા |
| **માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા** | કોઠારા - મુલુન્ડ |
| **માતુશ્રી વિજયાબાઈ ડુંગરશી લાપશીયા** | દલતુંગી - મુલુન્ડ |
| **માતુશ્રી લલીતાબાઈ કેશવજી ધરમશી** | રંગપુર - વાશી |
| **શ્રી જિતેન્દ્ર હંસરાજ લોડાયા** | વરાડીયા - ડોંબીવલી |
| **શ્રી એક સદગૃહસ્થ તરફથી** | મુંબઈ |
| **માતુશ્રી ધનલક્ષ્મીબાઈ ચંદ્રકાંત લોડાયા** | વારાપધર - ડોંબીવલી |
| **માતુશ્રી તારાબાઈ નવિનચંદ્ર વોરા** | ગોએરસમા - ભાંડુપ |
| **માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા** | સાંયરા - ડોંબીવલી |
| **શેઠશ્રી લલીત ટોકરશી લોડાયા** | રાપર ગઢવારી- હૈદરાબાદ |
| **એક સદગૃહસ્થ તરફથી** | મો. ખાવડી - મુલુંડ |
| **સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ** | સાંઘવ - મુલુંડ |
| **માતુશ્રી દમયંતિબેન ચાંપશી લોડાયા** | સાંઘવ-ઘાટકોપર |
| **૧૦,૧૧૧** | |
| **શ્રી મુલજી નરશી પોલડીયા** | બાયઠ - વડાલા |
| **૫,૫૦૦** | |
| **માતુશ્રી કાન્તાબાઈ રમેશ ધુલ્લા** | તેરા - ડોંબીવલી |
| **શ્રી એક સદગૃહસ્થ તરફથી** | નલીયા - ડોંબીવલી |
| **શ્રીમતી શીલાબેન રતિલાલ શામજી મોમાયા** | વરાડીયા-ડોંબીવલી |
| **માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા** | મો. સિંઘોડી-ડોંબીવલી |
| **૫,૫૦૦** | |
| **માતુશ્રી પુરબાઈ લખમશી લોડાયા** | દલતુંગી-ઘાટકોપર |
| **માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા** | રંગપુર - વડાલા |
| **માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ** | દલતુંગી - ડોંબીવલી |
| **માતુશ્રી બાંયાબાઈ ગોવિંદજી લોડાયા** | મો. ખાવડી - થાણા |
| **શ્રી ગીરીશ ખીમજી લોડાયા** | મો. ખાવડી - મુલુંડ |
| **માતુશ્રી મોંઘીબાઈ લાલજી લાલકા** | રંગપુર -ડોંબીવલી |
| **શ્રી એક સદગૃહસ્થ તરફથી** | દલતુંગી - ડોંબીવલી |
| **શ્રી ફાઈવ સ્ટાર કેટરર્સ** | મુંબઈ-ભાંડુપ |
| **શ્રી ભલારાદાદા કેટરર્સ** | મુંબઈ-ભાંડુપ |
| **શ્રી ભલારા પૂનમ ભાવિક મંડળ** | મુંબઈ |
| **પ્રિયાંશી જયેશ લોડાયા** | મુલુંડ |
| **શ્રી દિલીપભાઈ - શંકરલાલ** | ઘાટકોપર |
| **શ્રી દિપક દામજી પોલડીયા** | બારોઈ-ભુસાવલ |
| **માતુશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ ખોના** | મો. ખાવડી-મુલુંડ |
| **માતુશ્રી જયાબેન મોતિલાલ દેવજી લોડાયા** | મો.ખાવડી -ઘાટકોપર |
| **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ** | ભરૂડીયા -મુલુંડ |
| **શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા** | જખૌ-ઘાટકોપર |
| **માતુશ્રી જયાબાઈ ટોકરશી લોડાયા** | કોઠારા -ડોંબીવલી |
| **શ્રી રાયચંદ દેવશી જીવાણી** | કુવાપધર-ડોંબીવલી |
| **માતુશ્રી જયાબાઈ વિસનજી હીરજી લોડાયા** | મો. ખાવડી -મુલુંડ |
| **માતુશ્રી ખીમાવંતીબાઈ ચિમનલાલ ખોના** | મો. ખાવડી -મુલુંડ |
| **માતુશ્રી નિલમબેન ભોજરાજ ધુલ્લા** | ભરૂડીયા -ડોંબીવલી |
| **વિજયલક્ષ્મી ટ્રાન્સપોર્ટ કેરીયર** | મસ્જીદબંદર-સાંતાક્રુઝ |
| **વિજય કેશવજી મોતા** | જખૌ-ડોંબિવલી |
| **માતુશ્રી ધનલક્ષ્મીબેન હંસરાજ ધરમશી** | ભરૂડીયા-ડોંબિવલી |
| **૫,૦૦૦** | |
| **માતુશ્રી ચંદનબાઈ જાદવજી ધરમશી** | નલીયા-ડોંબિવલી |
| **એક સદગૃહસ્થ તરફથી** | રંગપુર -મુલુંડ |

શ્રી મુંબઈ મહાજન આયોજિત ૭૬મો સમુહ લગ્ન તા. ૨૩.૦૪.૨૦૧૬ ને શનિવારે શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ભાંડુપ મધે શાનદાર હર્ષોલ્લાસથી ઉજવાયા હતા.

મહાજનશ્રીના અધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો સવારના ૧૧.૧૫ કલાકે દ્વારા શ્રી અનંતનાથ દાદા, શ્રી નરશીનાથા તથા મહાકાલી માતાજીની છબીને હારારોપણ, ધૂપ-દીપ. ૧૧.૪૦ કલાકે પાંચ વર રાજાઓ સાથે શરણાઈવાદક ઢોલીઓના નાદે અનંતસિધ્ધિના આંગણે શાનદાર સામૈયું તેમ જ શ્રી હીરાલાલ મહારાજ તથા સાથીઓ દ્વારા પ્રભુતામાં પ્રથમ પગલું માંડનાર નવયુવક-યુવતીને પરસ્પર માળારોપણ અને પોંખવાની વિધિ કર્યા બાદ પ્રથમ માળે લગ્નના માંડવે પદાર્પણ - વિજય મુર્હુત ૧૨.૩૦ કલાકે હસ્ત મેળાપ તેમ જ જાનૈયા-માનૈયા જ્ઞાતિશ્રેષ્ઠિઓ, દાતાશ્રીઓ અંદાજિત ૧૬૦૦ થી વધારે જ્ઞાતિજનોની હાજરીએ શુભ લગ્ન વિધિ ઉમંગ-ઉલ્લાસભર્યા વાતાવરણે સંપન્ન થયેલ.

મુંબઈ મહાજનશ્રી ખાસ કર્ણાટક હુબલીથી પધારેલ જ્ઞાતિના જમાઈ ધારવાડ બેઠકના શ્રી નિવાસ માને (MLC), સર્વે પંચવર્ષિય દાતાશ્રીઓ, સમુહ લગ્નના સમિતિના સભ્યો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, શ્રી ભાંડુપ સંઘના નરેન્દ્ર મોતા, અમિત ડાઘા, ફાલ્ગુન ખોના, બિજલબેન ડાઘા, તેમ જ કાંતિબાઈ વિક્રમશી, કપીશ મોમાયા, ભાવનાબેન મોમાયા, શિતલ નાગડા, કલ્પનાબેન મોતા, દીપા નાગડા, વર્ષા લોડાયા, હેતમલ મોતા, હંસા ખોના, વેનિલ નાગડા, ફોટોગ્રાફર-તિલક લોડાયા, સાઉન્ડ સિસ્ટમ-હસમુખ લોડાયા, ભાવતા ભોજન વ્યવસ્થા માટે ફાઈવ સ્ટાર કેટરર્સ, મહાજનશ્રી કર્મચારી ગણ, માઈક સંચાલન-હરેશ મોમાયા તથા કલ્પનાબેન ધરમશી કન્વીનર-શ્રી અરવિંદ લોડાયાની રાહબરી હેઠળ સર્વે નામી-અનામી કાર્યકરોનો સેવા આપવા બદલ હાર્દિક આભાર. જય જિનેન્દ્ર.

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ વતી
માનદ્ મંત્રીઓ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા આયોજીત

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## ૭૬ મા સમૂહ લગ્ન સમારોહ દરમ્યાન ભેટ સોગાદના દાતાશ્રી પરિવાર

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|
| ૧. | ધાર્મિક કીટ (પૂજાના ઉપકરણ) | : એક સદગૃહસ્થ તરફથી (રંગપૂર) |
| ૨. | પૂજાની જોડ (સેટ) | : માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા (રાપરગઢવારી) |
| ૩. | અષ્ટમંગલ | : માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા (સુથરી) હ. રમેશભાઈ |
| ૪. | પાનેતર | : શા. મુલજી રાઘવજી લોડાયા (સાંધવ) |
| ૫. | વન ગ્રામ ડાયમંડ ફુલ સેટ, બ્રેસલેટ | : કેડીઓ વોટસોપ એક્ટીવ ગ્રુપ (મુંબઈ) |
| ૬. | વન ગ્રામ ચાંદીનો હાફ સેટ | : માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા હ. ગીતા ભાવેશ, મીરા તિલેશ (સાંધવ) |
| ૭. | વનગ્રામ ગોલ્ડ હાફસેટ | : માતુશ્રી ભારતીબેન વિરચંદ પોલડીયા હ. કેતુલ પોલડીયા (બાયઠ) |
| ૮. | ચાંદીની ગાય - (કન્યાદાન) | : માતુશ્રી વિજયાબાઈ પદમશી નાગડા થ (ધુમવાળા) (નલિયા) |
| ૯. | ચાંદીની ઘી બતી | : શ્રી રમેશચંદ્ર રામજી ધુલ્લા (સુથરી) |
| ૧૦. | ચાંદીની પૂજાની વાટકી | : મનિષાબેન ચેતનભાઈ શાહ (બાયઠ) |
| ૧૧. | વન ગ્રામ ચંદનહાર ફુલસેટ | : શ્રી મુંબઈ મહાજન (દાતાશ્રી ફંડમાંથી) |
| ૧૨. | મોતીનો ફુલ સેટ | : શ્રી મુંબઈ મહાજન (દાતાશ્રી ફંડમાંથી) |
| ૧૩. | કાંસાની થાળી વાટકી સેટ | : માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા (રંગપુર-વડાલા) |
| ૧૪. | બેંગલ બોક્ષ | : શ્રી લલીત નરશી પીર (સુથરી-ટીટવાલા) |
| ૧૫. | કપડાના હેંગર (૫ ડઝન) | : શ્રી વિરચંદ હીરજી લોડાયા (સુથરી) |
| ૧૬. | ટ્રાવેલીંગ બેગ (Polo) | : તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ |
| ૧૭. | સોલાપુર ચાદર સેટ (૨) | : એક સદગૃહસ્થ તરફથી (વાશી) |
| ૧૮. | નહાવાના ટુવાલ સેટ (૪ નંગ) | : સુનિલ નટવરલાલ જોષી (વાશી) |
| ૧૯. | અલાહાબાદી શેતરંજી | : એક સદગૃહસ્થ તરફથી (વાશી) |
| ૨૦. | હાથના ટુવાલ સેટ (૪ નંગ) | : એક સદગૃહસ્થ તરફથી (વાશી) |
| ૨૧. | લેડીઝ શાલ કાશ્મિરી | : માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (સાંધવ) |
| ૨૨. | લેડીઝ રૂમાલ (ડઝન) | : એક સદગૃહસ્થ તરફથી (વાશી) |
| ૨૩. | જેન્ટસ રૂમાલ (સેટ) | : એક સદગૃહસ્થ તરફથી (વાશી) |

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|
| ૨૪. | બેડશીટ ડબલ + પીલો કવર | : માતુશ્રી રમીલાબેન ગોવિંદજી દંડ (નલિયા) |
| ૨૫. | વેલવેટ આસનીયા ૪ નંગ સેટ | : એક સદગૃહસ્થ તરફથી હસ્તે જસ્મીન સાયલા (મુંબઈ) |
| ૨૬. | કન્યા માટે બાંધણી ડ્રેસ | : માતુશ્રી મધુરીબાઈ સુર્યકાંત ધરમશી (સાંધાણ-વિરાર ) |
| ૨૭. | પાણી ગળવાના ઘરણા (૬ નંગ સેટ) | : એક સદગૃહસ્થ તરફથી |
| ૨૮. | તીતલીસ વુલન રજાઈ | : શ્રીમતી હેમલતા લહેરચંદ મોતા (નલિયા-ભાંડુપ) |
| ૨૯. | કન્યા માટે પાર્ટીવેર ડ્રેસ | : એક સદગૃહસ્થ તરફથી (વરાડીયા) હસ્તે હરીષભાઈ |
| ૩૦. | ટ્રાવેલીંગ બેગ | : શ્રી નવિનચંદ્ર રતનશી લોડાયા (મોટી ખાવડી-મુલુંડ) |
| ૩૧. | એપેક્ષ એપ ચુર્ન કિચન વેર | : નારી-તુ-નારાયણી ગ્રુપ - હસ્તે ભાવનાબેન |
| ૩૨. | સોગો ગ્લાસવેર બરણી સેટ | : એક સદગૃહસ્થ તરફથી (વાશી) |
| ૩૩. | જેન્ટસ વોલેટ | : એક સદગૃહસ્થ તરફથી (ડોંબિવલી) હસ્તે સચીન વોરા |
| ૩૪. | સેન્ડવીચ ટોસ્ટર (Pegion) | : શ્રી મણીલાલ કુંવરજી દંડ (બાયઠ-વડાલા) |
| ૩૫. | મંથન હેન્ડ બ્લેન્ડર | : શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ (સાંયરા) |
| ૩૬. | કડાઈ નોન સ્ટીક વેર | : માતુશ્રી નિર્મલાબાઈ ડુંગરશી માલદે (દલતુંગી) |
| ૩૭. | પાણીની બોટલ | : માતુશ્રી મુરબાઈ મુલજી છેડા (નલિયા) |
| ૩૮. | કેસરોલ રોટલી માટે | : શ્રીમતી દિવ્યાબેન નિપેશ મોતા (નલિયા) |
| ૩૯. | નોનસ્ટીક ડોસા તવા | : શ્રી હિરાચંદ નરશી દંડ (નલિયા-ગાંધીધામ) |
| ૪૦. | કીચન પ્રેસ ફરસાણ મેકર | : શ્રી હિરાચંદ નરશી દંડ (નલિયા-ગાંધીધામ) |
| ૪૧. | સોસ પૅન (હેંડલ કટોરો) | : માતુશ્રી મુરબાઈ મુલજી છેડા (નલિયા) |
| ૪૨. | Tang વોટર બોટલ | : શ્રીમતી દિવ્યોબને નિલેશ મોતા (નલિયા) |
| ૪૩. | સૂપ બાઉલ | : માતુશ્રી લિલાવંતીબેન રાયચંદ્ર ધ્રોળ (સાંયરા) |
| ૪૪. | નાઈસર ડાઈસર | : માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા) |
| ૪૫. | મિલ્ક કૂકર (POT) | : માતુશ્રી કાંતાબાઈ વિનોદ મોતા (કોઠારા) |
| ૪૬. | લેડીઝ પર્સ (કલચ) | : સ્વ. નવલબેન ખેતશી મેઘજી ધરમશી, હ. દિનેશ ખેતશી (તેરા) |

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા આયોજીત

## ૭૬ મા સમૂહ લગ્ન સમારોહ દરમ્યાન ભેટ સોગાદના દાતાશ્રી પરિવાર

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|---|
| ૪૭. | ટિફીન સેટ માઈક્રોવેવ | : | શ્રી આણંદજી હીરજી ખોના (સાંધવ-ગાંધીધામ) |
| ૪૮. | ડિનર સેટ (32 Pcs.) મિલેમાઈન | : | શ્રી આણંદજી હીરજી ખોના (સાંધવ-ગાંધીધામ) |
| ૪૯. | સ્ટીલનો મોટો ડબો | : | એક સદગૃહસ્થ તરફથી |
| ૫૦. | મસાલાનો ડબો (કલર) | : | એક સદગૃહસ્થ તરફથી |
| ૫૧. | મલ્ટીપર્પસ ચોપર | : | એક સદગૃહસ્થ તરફથી |
| ૫૨. | સ્ટીના ટોપના સેટ (૩ નંગ) | : | માતુશ્રી રતનબેન લાલજી લોડાયા (વારાપધર) હ. ચંદ્રકાંત શાહ |
| ૫૩. | ટ્રાવેલીંગ થેલો | : | માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા (મો. ખાવડી) |
| ૫૪. | ચીપ્સર-સ્લાઈસર - ગ્રેટર | : | માતુશ્રી સોનબાઈ દામજી માલદે (દલતુંગી-ઘાટકોપર) |
| ૫૫. | રીલાયબલ ડીનર સેટ | : | માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા (દલતુંગી-મુલુંડ) |
| ૫૬. | બોસ ગ્રાઈન્ડર મિક્સર | : | શ્રી મનમોહનભાઈ ખુરાના (દિલ્હી-માટુંગા) |
| ૫૭. | સ્ટીલ કીંગ (થરમોસ) | : | માતુશ્રી મધુબેન હીરેન દંડ (ભરૂડીયા-ઘાટકોપર) |
| ૫૮. | વોટર કુલર (જલધારા) | : | માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા (મોટી ખાવડી - જામનગર) |
| ૫૯. | સ્ટીવન વોલ કલોક | : | રશ્મિબેન અજીત સાયલા (મંજલ) |
| ૬૦. | બોક્ષ મીક્સર | : | એક સદગૃહસ્થ તરફથી (દલતુંગી) |
| ૬૧. | સિલ્વર કોટેડ ડ્રાયફ્રુટ બોક્ષ | : | શા. વિરચંદ મેઘજી દંડ (કોઠારા) |
| ૬૨. | સોલ્ટ એન્ડ પિપર (ઓસ્કર) | : | શ્રી વિમલભાઈ રવાણી (વાશી) |
| ૬૩. | પાણીની બોટલ સેટ (છ નંગ) | : | એક સદગૃહસ્થ તરફથી (વાશી) |
| ૬૪. | મસાલા રેંક (જોની) | : | અ. સૌ. પ્રવિણાબેન હિરાચંદ વસનજી નાગડા (રાપરગઢવારી) |
| ૬૫. | કાંડા ઘડિયાળ (સેટ) | : | શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપરગઢ) શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી (સાંધાણ) |
| ૬૬. | સ્ટીલના વાસણનો સેટ ૬૫ નંગ | : | મુંબઈ મહાજન વર્તમાન અધિકારી તથા કારોબારી સભ્યો |
| ૬૭. | પ્રેશર કુકર (વાસણ સાથે) | : | માતુશ્રી જ્યોતીબેન જીતેન્દ્ર ધરમશી (કોઠારા) |

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|---|
| ૬૮. | ફોટો ફ્રેમ | : | મિલન ફોટો સ્ટુડીયો (ડોંબિવલી) |
| ૬૯. | ટ્રાવેલીંગ કીટ | : | સિનિયર ગ્રુપ ઓફ કંપનીઝ (બાયઠ-મુંબઈ) |
| ૭૦. | સામાજીક સુરક્ષા યોજના | : | શા. રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી) |
| ૭૧. | ચાંદીના સિક્કા (કન્યાદાન) | : | શ્રી મુંબઈ મહાજનશ્રી |
| ૭૨. | ચાંદીની ગિની (૧૦ ગ્રા.) | : | માતુશ્રી વિજયાબેન કીશોર ગોસર (બારોઈ) |
| ૭૩. | મેકઅપ કીટ | : | અ. સૌ. પ્રીતીબેન પ્રકાશભાઈ લોડાયા (સાંધવ) |
| ૭૪. | યાર્ડલી ટેલ્કમ પાવડર | : | માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી રતનશી મૈશેરી (મુલુંડ) |
| ૭૫. | લેડીઝ - જેન્ટસ Deo કીટ | : | માતુશ્રી વેજબાઈ ઠાકરશી મુલજી મોતા (રાપર) |
| ૭૬. | કમરના ઝુડા | : | શ્રી વર્ધમાન શામજી ધરમશી (નલિયા) |
| ૭૭. | સાડીના બ્રોચ + સિંદુર | : | અભિનંદન મહિલા મંડળ (કલવા) |
| ૭૮. | ટોર્ચ ૨ નંગ | : | શ્રી અજીત માલશી લોડાયા (તેરા) |
| ૭૯. | સર્વિસ ટ્રે (3 Pcs. Set) | : | માતુશ્રી મણીબાઈ હંસરાજ લોડાયા (મો. ખાવડી) |
| ૮૦. | ફેન્સી શેતરંજી બ્રાન્ડેડ | : | માતુશ્રી પૂષ્પાબેન ભવાનજી ખોના (મો. ખાવડી) |
| ૮૧. | ડબલ બેડશીટ | : | શ્રી ધનજી રતનશી નાગડા (પરજાઉ-પાચોરા) |
| ૮૨. | થરમોસ | : | માતુશ્રી નેણબાઈ ધરમશી નાગડા (લાલા) હ. પ્રવીણભાઈ - વજ્રેશ્વરી |
| ૮૩. | એલ્યુ. કડાઈ મોટી | : | શ્રી દામજી મેઘજી શિયાલ (દલતુંગી) |
| ૮૪. | હીરાની નથ (અમેરીકન) | : | માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી અજાણી (કોઠારા-ઘાટકોપર) |
| ૮૫. | ડોસા તવા નોનસ્ટીક | : | શ્રી ચંદુલાલ ભારમલ ધરમશી (સાંયરા-ઘાટકોપર) |
| ૮૬. | હેયર ટ્રીમર | : | હ. ખુશ્બુ ના લગ્ન નિમીતે (સાંયરા-ઘાટકોપર) |
| ૮૭. | ટ્રાવેલીંગ બેગ | : | એક સદગૃહસ્થ તરફથી |
| ૮૮. | સ્ટીલના ડબાનો સેટ (ચા-સાકર) | : | માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોડ (ડોંબિવલી-કો. મહાદેવપુરી) |
| ૮૯. | કન્યાને ફિક્સ ડીપોઝીટ (F.D.) | : | શ્રી મુંબઈ મહાજન તરફથી |



# Congratulations

# Akshita Dalesh Momaya

## For topping the college in B.A psychology

And while we celebrate your CONVOCATION ....
lets take this occasion to congratulate and
appreciate your various achievements...
Completion of all five levels of Hyponotherapy at California University..
COMPLETION OF BASIC AND ADVANCED CHILD COUNCELLING
FOR BEGETING THE RASIKLAL ENDOWMENT PRIZE
FOR SECURING THE HIGHEST AGGREGATE MARKS IN TYBA PSYCHOLOGY
AND OBTAINING THE SHUBHA SIVARAM ENDOWMENT PRIZE GIVEN
TO A GIRL CHILD FOR SECURING THE HIGHEST MARKS..

LET US REMINISCENT THE VARIOUS JOYOUS OCCASIONS
...SUCCESSFULLY PASSING OUT OF THE GOOD SHEPHERD'S FINISHIG SCHOOL OOTY...
SUCCESSFUL COMPLETION AND PRACTICE OF BASIC AND ADVANCED GRAPHOLOGY...
...MASTERING THE ART OF NUMEROLOGY
FOR BECOMING A SUCCESSFUL TAROT READER...
AND A PAST LIFE THERAPIST
ALL THE BEST WISHES FOR A BRIGHT AND SUCCESSFUL CAREER IN THE WORLD
OF MIRACULOUS HEALING AND THE MYSTICAL WORLD...
MAY THE GRACE AND BLESSINGS OF GOD
AND GURU STAY WITH YOU ALWAYS....



GRAND PARENTS: JAYABAI JAVERCHAND MOMAYA ( Chalisgaon) {Dada – Dadi}
PARENTS: NEELAM DALESH JAVERCHAND MOMAYA
GRAND PARENTS : MADHURI PRAFUL LODAYA ( Coimbatore) { Nana- Nani}

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

## દ્વારા આયોજિત ૭૬મો સમૂહ લગ્ન સમારોહ

વિ.સં. ૨૦૭૨ ચૈત્ર વદ-૨, શનિવાર, તા. ૨૩.૦૪.૨૦૧૬

શુભ લગ્ન સ્થળ

શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધી,
જૈન દેરાસર, ૧૦૭, એલ.બી.એસ. માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
દ્વારા આયોજિત ૭૬મો સમૂહ લગ્નની
આછેરી ઝલકો...



મુંબઇ મહાજનના અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય



શેઠશ્રી નરશી નાથાને માળારોપણ



વરરાજાઓ સાથે મહાજનના પદાધિકારીઓ



કન્યાઓ સાથે મહાજનના પદાધિકારીઓ



જાનૈયાઓનું સ્વાગત



દાયજા સાથે પ્રમુખશ્રી કલ્પેશભાઇ મોતા



૨૦૦૫-૧૦,૨૦૧૦-૧૫ અને ૨૦૧૫-૨૦ના પ્રમુખ-ત્રિપૂટી



ધારવાડના MLC અને જ્ઞાતિના જમાઇ શ્રી શ્રીનિવાસ માલુ



માનદ્‌મંત્રીઓ: શ્રી રમેશભાઇ અને શ્રી ચેતનકુમાર



સમૂહલગ્ન વિધિ નિહાળતા સ્વજનો સહ જ્ઞાતિજનો



લગ્નગ્રંથીથી જોડાતા ચિ. વિજય અને ચિ. સુભદ્રા



કન્યાદાન કરતા મહાજનના પ્રમુખશ્રી

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા આયોજિત ૭૬મો સમૂહ લગ્નની આછેરી ઝલકો...


લગ્નગ્રંથીથી જોડાતા ચિ. દિપ્તિ અને ચિ. બ્રિજેશ


કન્યાદાન કરતા મહાજનના પ્રમુખશ્રી


લગ્નગ્રંથીથી જોડાતા ચિ. ખુશ્બુ અને ચિ. અનુજ


કન્યાદાન કરતા મહાજનના પ્રમુખશ્રી


લગ્નગ્રંથીથી જોડાતા ચિ. ખુશ્બુ અને ચિ. જીગ્નેશ


કન્યાદાન કરતા મહાજનના પ્રમુખશ્રી


લગ્નગ્રંથીથી જોડાતા ચિ. મીતલ અને ચિ. હીતેન


કન્યાદાન કરતા મહાજનના પ્રમુખશ્રી


સમૂહ લગ્ન સમિતિ - મહિલા પાંખ


સંબોધન કરતાં મહાજનના પ્રમુખશ્રી


કન્વીનર શ્રી અરવિંદ લોડાયા


સૂત્ર સંચાલિકા કલ્પનાબેન ધરમશી


સૂત્ર સંચાલક શ્રી હરેશ મોમાયા


શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઇની સંયોજક ટીમ


પ્રમુખશ્રી અને કન્વીનરશ્રી પરિવાર સાથે

# હાર્દિક અભિનંદન

## શિયાડ અને લોડાયા પરિવારનું ગૌરવ



**ચિ. ગૌતમ નવીન ઉમરશી શિયાડ**

B.E. (I.T.) M.B.A. (Marketing)

ગામ : જખૌ - હાલે : રાયપુર (C.G.)

D.O.B. : 22.09.1988

**ચિ. ગૌતમ નવીન શિયાડ**

MBA from BML Munjal University
(Hero Motor Cycle Group)
Gurgaon (Haryana) સાથે
The Honour of Nagna Cum Lande
(Great Distinction) મળેલ છે.
Inlogsys Techno Pvt. Ltd. Bangluru માં
Executive Traing (Sales & Market)
તરીકે કાર્યરત છે.

**એમની ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા અને શુભાશીષ**

**સમસ્ત શાહ પરિવાર, રાયપુર - ધમતરી**

માતા-પિતા : ચંદા નવીન ઉમરશી શિયાડ, રાયપુર

Mob.: +91 88 27508055

દાદી-દાદા : ચંપાબાઈ ઉમરશી શિયાડ

નાની-નાના : પુષ્પાબાઈ રાયચંદ લોડાયા

## હાર્દિક અભિનંદન



**કુ. નેહા ચંપકલાલ દંડ**

ધ્રાફા-ડોંબિવલી

ચિ. નેહાએ MBA in H.R. માં ૭૫% ગુણાંક મેળવી શૈક્ષણિક ક્ષેત્રે જ્વલંત સિદ્ધિ મેળવી તે બદલ **હાર્દિક અભિનંદન.**

Currently working as a Senior Associate -
HUMAN RESOURCES IN GEP SOLUTIONS PVT. LTD.

*ઉત્તરોત્તર યશસ્વી ભાવિની શુભેચ્છાઓ*

: શુભેચ્છકો :

| | |
|---|---|
| દાદા-દાદી | : માતુશ્રી મુરબાઈ મેઘજીભાઈ દંડ |
| નાના-નાની | : શાંતાબેન શાંતિલાલ શિયાડ |
| મોટા મમ્મી-પપ્પા | : લક્ષ્મીબેન કાંતિલાલ દંડ |
| મમ્મી-પપ્પા | : ભાવના ચંપકલાલ દંડ |
| કાકા-કાકી | : પ્રવિણા જિતેન્દ્ર દંડ |
| બેન-બનેવી | : જિજ્ઞા મોહન જવેરચંદ ડાઘા |
| બેન | : ટીના |

Mob.: 099209 33766 / 093220 19027

## હાર્દિક અભિનંદન



**ચિ. હિમાંશુ**

શ્રી પ્રદીપ કેશવજી નેણશી શિયાળ (જખૌ-જાલના)ના સુપુત્ર **ચિ. હિમાંશુ** એ મહારાષ્ટ્ર રાજ્ય પાવર લિફ્ટીંગ એસોસીએશન દ્વારા આયોજિત પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં મુંબઈ-કલ્યાણ બ્લોકવતી ભાગ લઈને સર્વોત્કૃષ્ટ પાવર લિફ્ટરનું બહુમાન મેળવેલ છે. આ સ્પર્ધામાં ચિ. હિમાંશુ એ ૭૫ થી ૮૨ કિલો વજનના વર્ગમાં સુવર્ણચંદ્રક મેળવેલ છે. તેમણે ૫૪૦ ઉપાડેલ હતું. વિશેષમાં તેમની રાષ્ટ્રીય સ્પર્ધામાં સતત બીજીવાર વરણી થયેલ છે. હવે આંતરરાષ્ટ્રીય ટીમમાં સિલેક્શન માટેની તૈયારી કરી રહ્યા છે. સાથે સાથે UPSC પરીક્ષાની તૈયારી કરી રહેલ છે.

ખુબ ખુબ અભિનંદન અને
ઉજ્જવળ ભવિષ્ય ની શુભકામના.

અભિનંદન કર્તા

**માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી પરિવાર**

પુના-માટુંગા, મુંબઈ.

।। શ્રી ચંદ્રપ્રભુ દાદાય નમઃ।।　　　　।। શ્રી પાર્શ્વનાથ દાદાય નમઃ।।

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી





**શ્રી મોટી ખાવડી તીર્થે**




## દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ

**જિનાલયની ૧૩૯ મી ધ્વજા મહોત્સવે**

પધારજો... સ્વાગતમ્...

સંસારી સંબંધોની સાલગિરા અને જન્મ દિવસ ખૂબ ઉજવ્યા, હવે દાદાના દેવાલયની સાલગિરાનો પ્રસંગ આવ્યો છે. સહૂ મોટી ખાવડીવાસીઓના દિલમાં રાજ કરનાર અલબેલા દાદા પાર્શ્વનાથની કૃપા છે અપરંપાર. ૧૩૮ વર્ષથી જેમની ધ્વજા મોટી ખાવડી મુકામે લહેરાઇ રહી છે એવા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ દેરાસરની ૧૩૯ મી ધ્વજા મહોત્સવ પ્રસંગના પડઘમ વાગી રહ્યા છે. સૌ થઇ જજો તૈયાર, શ્રી ચંદ્રપ્રભદાદા તેમજ શ્રી પાર્શ્વનાથ પ્રભુની છાયા, અચલગચ્છાધિપતીશ્રીજીના તેમજ મિતભાષી પ. પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ. સા., સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ. સા. આદી ઠાણાના આશિષ વર્ષાની સાથે સહુ મોટી ખાવડીવાસીઓની સંગાથ, જે બનાવશે પ્રસંગને દૈદિપ્યમાન, સમગ્ર મોટી ખાવડીવાસીઓ, બહેનો, દીકરીઓ તેમજ સમગ્ર જ્ઞાતિજનોની પધરામણી મહોત્સવને સુગંધી બનાવશે.

**જ્ઞાનીગુરૂદેવ, અંતરમુખી પ. પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ. સા. તેમજ**
**મુનીશ્રી જયભાનુશેખરશ્રીજી અને મુનીશ્રી હીરશિખરશ્રીજી મ. સા. ના**
**દિવ્ય આશિષ અને પ્રેરણાથી બે દિવસીય સંપૂર્ણ કાર્યક્રમના આયોજનના લાભાર્થી પરિવાર**

## માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા (ભાભાવાળા) પરિવાર

**મોટી ખાવડી - જામનગર**

## બે દિવસીય કાર્યક્રમ

**સોમવાર, તા. ૧૩/૬/૨૦૧૬**

| | |
|---|---|
| બપોરે ૧૨.૩૦ ક. | **સ્વામી વાત્સલ્ય** |
| બપોરે ૨.૦૦ ક. | **૧૦૮ પાર્શ્વનાથ પૂજન** |
| સાંજે ૫ થી ૬ ક. | **ચૌવિહાર** |
| રાત્રે ૮.૩૦ કલાકે | **ભક્તિભાવના** |

**મંગળવાર, તા. ૧૪/૬/૨૦૧૬**

| | |
|---|---|
| સવારે ૭.૩૦ ક. | **નવકારશી** |
| સવારે ૧૦.૦૦ ક. | **સતરભેદી પૂજા** |
| સવારે ૧૧.૦૦ ક. | **શ્રી પાર્શ્વનાથ દાદાની ધ્વજા રોહણ** |
| બપોરે ૧૨.૩૦ ક. | **સ્વામી વાત્સલ્ય (ગામ જમણ)** |

**મોટી ખાવડી ગામવાસીઓ, નિયાણી બહેનો સાથે સકલ સંઘોને આવ - આદર ને આવકાર ભર્યુ**
**આંખના અમીથી ...... હૈયાના હેતથી.... મનડાંની મહેક થી... પાઠવીએ છીએ.... નિમંત્રણ**
**વહેલાસર પધારી... પ્રસંગને શોભાવશો.... આપની ઉપસ્થિતીથી.**

**લી. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી**
**લાભાર્થી - શ્રી માણેકજી રૂપશી લોડાયા પરિવાર**

## મોટી ખાવડી ગામે મેડિકલ કેમ્પ / નિ:શુલ્ક નિદાન

**મંગળવાર, તા. ૧૪ /૬/૨૦૧૬ ના રોજ સવારે ૮.૩૦ થી • સ્થળ : ગામ મોટી ખાવડી, જિલ્લો જામનગર**

આ મેડિકલ કેમ્પમાં નિષ્ણાંત તથા નામાંકિત ડોકટરો દ્વારા દર્દિઓની તપાસણી અને નિદાન કરવામાં આવશે. જેમાં દરેક રોગોનું નિદાન અને પરીક્ષણ કરવામાં આવશે. જરૂરીઆત મંદને ઓપરેશનની વ્યવસ્થા તેમજ દવાની સગવડ નિ:શુલ્ક કરી આપવામાં આવશે. જાહેર જનતાને આ કેમ્પનો લાભ લેવા વિનંતી.

**સંપુર્ણ આયોજનના લાભાર્થી પરિવાર**

## માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા (ભાભાવાળા) પરિવાર

**મોટી ખાવડી - જામનગર**

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

ગત અંકમાં ઉઘરીયાના પુત્ર આશીયાના પરિવારની થોડી વંશાવલીઓ આપણે જોઈ. આ વખતે ઉઘરીયાના ભાઈ ખેતુના પરિવારની થોડી મળેલ પાંખડીઓની વંશાવલી જોઈએ. તમામ લોડાયા પરિવાર ભોરકીયાપર એક થઈ જાય છે.

(૧) **જખૌની પાંખડી :** રોહન, રાજેશ, રમણકાંત, ચાંપસી, કુંવરજી, જીવરાજ, રતનશી, વીરજી, ધારસી, ભીંયસી, વીરઘોર, વીસર, સખીયા, પુંજા, લુણો, લોડાઈકા, ખેતુ, ભોરકીયો, રતનસી, કલીયો, સામંત, સારંગ, માવો, વસ્તો, વણવીર, જેસીંહ, ભાવડ, જેતસી, અભેરાજ, વીરમ, સવર અને ચકવાણી.

(૨) **સાંધવ :** હિતેશ, ગોવિંદજી, લાલજી, શામજી, પાસવીર, ઉકેડા, વીરઘોર, સોદે, ધારો, આસદે, દેસર, દેવીદાસ, આસમલ, લાલો, લોડાઈકા, ખેતુ (આગળ નં ૧ મુજબ)

(૩) **રાપરગઢ :** ચેતન લાલજી ખીંયરાજ મુરજી કાંયા જેઠા પોનુ કનૈયો માડણ પતો રહીયો હંસરાજ રામૈયો રાઘવ ડાહ્યો પદમુ લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૪) **તેરા :** વિસનજી ત્રિકમજી હંસરાજ પુંજા જીવરાજ વીસર પાંચારીયા સોજપાલ પેથરાજ હંસરાજ રામૈયા રાઘવ ડાહ્યો પદમુ લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૫) **ભરૂડિયા :** ભાવિન રમેશ મુલજી હીરજી રામજી લાલજી હરપાર લખધીર નાયક ભીંયસી દેવો ધારીયો સોજો ડાહ્યો ભાજદે નાઈયો લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૬) **નલીયા :** જીતેન્દ્ર જેઠાભાઈ નરશી હીરજી કાનજી મણસી મુરીયો દેરાજ દેવરાજ મેગરાજ કમુ હેમૈયા પતુ ધનુ સોમા ભોજદે નાંઈયા લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૭) **નલીયા :** ધનપતિ ગોવિંદજી રાયસી સોજપાર જેઠા લાલજી ખીમુ મેગરાજ કમુ હેમૈયો (નં ૧ મુજબ)

(૮) **સાંયરા :** જવેરચંદ અરજણ ચત્રભુજ દેવરાજ લાલજી રાયસી કેશવજી ઓભાયા સોદે નાગશી હેમૈયા પતુ ધનુ સોમા ભોજદે લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૯) **વારાપધર :** ઝવેરચંદ ટોકરસી રતનશી નેણસી પત્રામલ માલુ ખીંયુ કુડઘર રાજો વીરમ રણસી પાસડ કનુ કમુ લોડાઈકા ખેતુ (આગળ નં ૧ મુજબ)

(૧૦) **કોઠારા :** અમિત ચંદ્રકાંત રાયચંદ લાલજી લધા ભોજા, સોજપાર, લાડણ, ખીંયરો વીરજી રણસી, પાસડ, કનુ, કમુ, લોડાઈકા ખેતુ (આગળ નં ૧ મુજબ)

---

**આમંત્રણ !** **આમંત્રણ !!** **આમંત્રણ !!!**

### શ્રી નાની સિંધોડી-રાપરગઢવારી ક.દ.ઓ. જૈન સંઘ

### આયોજન ધ્વજારોહણ મહોત્સવ - શ્રી રામદેવ પીરનું મંદીર નિર્માણ

**ભારતભરમાં વસતા નાની સિંધોડી-રાપરગઢવારી ના સર્વે જ્ઞાતિજનો અને નિયાણી બહેનાને સહ પરિવાર આમંત્રણ**

**કાર્યક્રમની રૂપરેખા**

| | |
|---|---|
| **તા. ૧૧.૦૬.૨૦૧૬** | : ગામ માં આગમન<br>સાંજના શ્રી પથેરાપીર ના પહેડી-પ્રસાદ |
| **તા. ૧૨.૦૬.૨૦૧૬** | : સવારના શ્રી હનુમાન દાદાની પુજા હવન તથા ધ્વજારોહણ<br>સાંજના સંગીત સંધ્યા શ્રીમતી રાજેશ્વરીબેન ગઢવી અને સાથી કલાકારો દ્વારા |
| **તા. ૧૩.૦૬.૨૦૧૬** | : સવારના જલયાત્રા - વરઘોડા તથા દેરાસરમાં અઢાર અભિષેક<br>વરઘોડા બાદ શ્રી રામદેવપીર મંદીર ઉદ્‌ઘાટન અને પુજા-પાઠ<br>સાંજના રામદેવ પીરનો પાઠ અને સંગીત સંધ્યા (રાસ ગરબા) |
| **તા. ૧૪.૦૬.૨૦૧૬** | : સવારના સંતરભેદી પુજા તથા ધ્વજા રોહણ દેરાસરજી માં<br>સાંજના આરામ |

**ધ્વજા રોહણના લાભાર્થી : માતુશ્રી વાલબાઈ લખમશી ધરમશી હ. સોમચંદભાઈ ધરમશી**

**સર્વે ભાવિકોએ તા. ૧૦.૦૬.૨૦૧૬ થી તા. ૧૫.૦૬.૨૦૧૬ સુધી કાર્યક્રમમાં આવવાની નમ્ર વિનંતી.**

**નિમંત્રક :** નાની સિંધોડી-રાપરગઢવારી ક.દ.ઓ. જૈન સંઘ વતી

નાની સિંધોડી મહાજન

(૧૧)આરીખાણા : મયંક પ્રવિણ હંસરાજ વિસનજી વીરધોર પત્રામલ ખીંયરો ત્રિકમ વિસર પત્રામલ સોમસી ધરમુ ખીમણાંધ કનુ કમુ લોડાઈકા ખેતુ (આગળ નં ૧ મુજબ)

(૧૨)તેરા : લક્ષ્મીચંદ ખીમજી દામજી મુરજી દેવજી દામજી જીવાણી મહીયો મેઘો ખેતલ રણસી પાસડ કનુ કમુ લોડાઈકા ખેતુ (આગળ નં ૧ મુજબ)

(૧૩)સાંધવ : જીતેન્દ્ર શાંતિલાલ દામજી ચત્રભોજ વિસર જેઠા રાયસી પોનરાજ ભીંયસી દેવા ધારીયા સોદે ડાહ્યા ભાજદે નાંઈયા લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૧૪)સાંધવ : નેવીલ વર્ધમાન રતનશી મેઘજી ખેતસી પત્રામલ દેવસી વેરસી રાઈસી પત્રામલ ખેતા સોમુ ભોજદે નાંઈયા લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૧૫)બારોઈ : વેરસી જીવરાજ રતનશી કરમણ ખીમણાંધ દેવન મોમાઈયો ગોસર દેવો ખીમણાંધ કનુ કમુ લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૧૬)કોઠારા : ઉમરસી ગોવિંદજી ખેતસી હરપાર દેવસી વિસર પત્રામલ લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

(૧૭)કેશવ તેજપાર વીરધોર દામજી જીવાણી મહીયો મેઘો ખેતલ રણસી પાસડ કનુ કમુ લોડાઈકા (આગળ નં ૧ મુજબ)

લોડાયા ગોત્રની વહીઓ ત્રણ ભટ્ટમાં વહેંચાયેલી હોઈ અને બધી વહીઓ જોવા ન મળતા હજુ ઘણી પાંખડીઓ અધુરી છે. થોડી અધુરી પાંખડીઓ નીચે મુજબ છે.

(૧) કોઠારા : રતનશી આસારીયા ખીંયસી જેઠા રાજદે અજાણી.

(૨) કોઠારા : શાંતિલાલ ખીમજી તેજપાર ગોવિંદજી વીરમ નરદે દેસર કાંયા જીવાણી વિધાણી.

(૩) જખૌ : કાનજી ગોવિંદજી સોદે ચત્રભુજ હેમરાજ રામૈયો.

(૪) નલીયા : ત્રીકમજી પત્રામલ નથુ દેવણાંધ નાગધર.

(૫) નલીયા : ત્રીકમજી પત્રામલ નથુ દેવણાંધ નાગધર.

(૬) બાંઢીયા : રાયસી શામજી ભીંયસી દેવજી કુરપાર ગંગાજર પૂંજા.

(૭) લાલા : ગોવિંદજી વીરજી શીવજી માલસી લધા

(૮) વરાડિયા : માણેકજી નરસી ચત્રભુજ નેણસી દામજી.

(૯) સાંધાણ : રાયચંદ શામજી પદમસી વેલજી નાથા.

(૧૦) સુથરી : ચત્રભુજ જેઠા લધા ઘેલા ગોવધો વેરસી.

(૧૧) નાનીખાવડી : નરેશ ધનજી શીવજી કાનજી મેઘણ વીરા


## આનંદો આનંદો આનંદો ચાર્તુમાસ પ્રાપ્તીએ આનંદો

## બાયઠવાસીઓ તથા નિયાણીઓ જોગ

**આજની ઘડી છે રળીયામણી. ચાર્તુમાસ મલ્યાની વધામણી હો.**

વર્ષોથી પ્રબળ ઈચ્છા હતી કે સંસારપક્ષે ગામના સુપુત્રી રત્ના સાધ્વીશ્રી ગુણમાલશ્રીજી મ.સા.નું ચાર્તુમાસ બાયઠમાં ફરી એક વાર થાય. પણ પ.પૂ. સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા. કાળ ધર્મ પામતાં આપણી એ ઈચ્છા પરિપૂર્ણ ન થઈ શકી.

આપણું ગામ દોહીત્ર દોહીત્રી સાધુ-સાધ્વીજી ભગવંતોથી મજબુત છે. બે દોહીત્ર અને બે દોહીત્રી શ્રમણ-શ્રમણીઓ માંથી આ વરસે પ.પૂ. તપસ્વી રત્ન અચલગચ્છાધીપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. પાસે એમના આજ્ઞાવર્તીની પ.પૂ. સા. શ્રી નરેન્દ્ર-અરૂણ-ધૈર્ય બાગના પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ. સા. શ્રી ઋજુ પ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચાર્તુમાસની વિનંતી કરતા પૂજ્ય શ્રી એ અનુજ્ઞા પ્રદાન કરી. જેથી પૂજ્ય શ્રી સાંયેરાનું ઐતિહાસિક ચાર્તુમાસ પૂર્ણ કરી, ૯૯ યાત્રા કરી આપણા સંઘમાં આ વરસે ચાર્તુમાસ કરવા પધારશે.

આપણે સૌ બાયઠવાસીઓ તથા નિયાણીઓને ચાર્તુમાસ પ્રવેશ, પર્યુષણ પર્વ, ત્રિન્હાનીકા મહોત્સવ, જપ-તપ, અનુષ્ઠાનો માં પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

**સ્થાનિક બાયઠ મધે રહેવા-કરવા તથા સાધર્મિક ભક્તિ સહિત ની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. આપ સૌ પોતપોતાની ટીકીટો આવવા - જવાની કરાવી લેશોજી.**

| ચાર્તુમાસ પ્રવેશ | વાંચન | તપ પ્રારંભ |
|---|---|---|
| અષાઢ સુદ બીજને તા. ૧૬.૭.૨૦૧૬ સવારના ૮.૦૦ કલાકે | સુત્ર-ચરિત્ર, ધર્મ બિન્દુ ગ્રંથ શ્રી ભીમસેન ચરિત્ર | ચોમાસી છઠ અષાઢ વદ બીજ તા. ૨૧.૯.૨૦૧૬ થી |

**: સંપર્ક :**

| લક્ષ્મીચંદ લાલજી પોલડીયા | જીતેન્દ્ર રતીલાલ નાગડા | રમેશ તેજશી છેડા | ધનરાજ વેલજી પોલડીયા | જગદીશ ડુંગરશી દંડ |
|---|---|---|---|---|
| 99300 08339 | 93243 41878 | 98212 05060 | 98206 98733 | 98207 75677 |

એજ લી. આપનો સહૃદય **શ્રી ઠાકરશી મેઘજી ગોસર** - પ્રમુખશ્રી ના જય જિનેન્દ્ર

આસારીયા નરપાર.

(૧૨) મોટી ખાવડી : ચંદ્રકાંત વેરસી કરમસી મેરગ વીરધોર ઉકેડા દેરાજ ભારમલ માંયા ડાહ્યા.

(૧૩) મોટી ખાવડી : રતીલાલ રૂપસી પદમસી દામજી દેવજી ગાંગજી દેઅરો આસદે નાગધર ગંગાજર ગોવર. (આ પાંખડી નાંઈયા લોડાઈકાના કેવા છે એવી નોંધ મળે છે.)

(૧૪) નાની ખાવડી : હેમાંગ ભાઈચંદ નાગશી માણેક નરશી દેવાણી ખીંયસી હરધોર.

**વંશાવલી અંગે આપની પાસે માહિતી હોય તો અવશ્ય મોકલવા નમ્ર વિનંતી.**

એક જ પરિવારના પાંચ પાંચ સભ્યો જિનશાસનને ભેટ આપનારું લોડાયા ગોત્ર છે. સાંધવના શ્રી શીવજી શામજી લોડાયાના સુપુત્ર ધનજીભાઈનો પરિવાર આ ગૌરવ ધરાવે છે. જેમાંથી કુશલશીલ મ.સા. તથા ગુણશીલ મ.સા. આચાર્યપદે પહોંચ્યા છે.

૮. તમને એવું લાગે છે કે તમારા સંબધ કોઈ સાથે પણ સારા નથી, અને થકી તમે ખુશ પણ નથી ?

૯. સવારે જાગ્યા પછી આળસ અને થાક વધારે લાગે છે ?

૧૦.શુ તમે હરવા ફરવાનો શોખ ગુમાવી બેઠા છો ? કાંઈપણ કરવા માટે મન લાગતું નથી ?

૧૧.તમને એવું લાગે છે કે દુનિયા પેહેલાં કરતા બહુ ખરાબ છે ?

૧૨.શુ તમે ખૂબ દુઃખી છો ?

૧૩.કાશ કોઈ એક વ્યક્તિ તો મને સમજી શકે આ દુનિયામાં જેને હું મારા મનની વાત કરું ?

૧૪.તમને એવું લાગે છે કે દુનિયામાં સહુ કોઈ વ્યસ્ત છે, મારી વાત સાંભળવા કોઈને સમય નથી ?

૧૫.શુ તમે હજી પૂરાના ઘાવોને યાદ કરીને દુઃખી થયા કરો છો ?

મને વિશ્વાસ છે કે તમે આ પરિક્ષા બીલકુલ ઈમાનદારીથી લખશો.

હવે પરિણામ માટે - જો તમારા માર્કસ ૩૦ થી ઓછા છે એનો મતલબ તમે ખૂબ સારું જીવન જીવી રહ્યા છો અને ૩૦-૪૦ ની વચ્ચે છો તો એમ સમજવું કે જેમ તમારું જીવન હોવું જોઈએ એટલા ખુશ તમે નથી અને જો તમારા અંક ૪૦ થી વધારે છે તો તમને કાઉન્સલરની મદદ તુરંત લેવાની જરૂર છે આપના જીવનને સુધારવા અને સીધા રસ્તે લાવવાની બહુ જરૂર છે.

મને આશા છે કે આ લેખ તમારા મનમાં કાઉન્સલર અને કાઉન્સલીંગ બાબત બધા સવાલોના જવાબ મળી ગયા હશે.

**- અલ્પા ગૌતમ ધરમશી,**


**।। શ્રી આદિનાથાય નમઃ ।।**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જશાપુર મહાજન

### ''વધામણા વધામણા જશાપર નગરે ચાર્તુમાસ મળ્યાના વધામણા''

**જિન શાસન પ્રેમી સાધર્મિક બંધુઓ જોગ, સાદર જય જિનેન્દ્ર!**

અચલગચ્છાધિપતિ રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્ય કૃપાએ, તપસ્વીરત્ન સળંગ ૫૦માં વરસીતપાધારક અ.ગ.પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વજી મ.સા. ની આજ્ઞા એવમ્ શુભાશિષ તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના શુભાશિર્વાદે. શાંતમૂર્તિ પ.પૂ.આ. નિરંજનાશ્રીજી મ.સા. ના શિષ્યા શાસન પ્રભાવિકા પૂ. સા. પૂણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા વિનય, વાત્સલ્યકુશલ સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. ના ગુરૂબહેન પૂ. સા. મૌનગુણાશ્રીજી મ.સા. જેઓ (સંસારપક્ષે આપણા ગામના શા. વેલજી ત્રીકમજી ધરમશી ની સુપુત્રી) તથા સા. પરાર્થ ગુણાશ્રીજી મ.સા.

**જશાપર નગરે ચાર્તુમાસ મળ્યાના વધામણાં**
**આવ્યા આરાધનાના અવસર સોહામણા**
**રચાશે તપ-જપની રંગોળી અમ સંઘ દ્વારા**
**પ્રસંગે પધારજો સાજન-મહાજન**
**યાદ રાખી તિથી..વાર..**
**જશાપર નગરી બિરાજે છે દાદા આદિનાથ નયન રમ્ય**
**ચાતુર્માસનો અવસર આવ્યો છે ભવ્યાતિભવ્ય...**

અને પૂ. સા. શ્રી હીરકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩નું ચાતુર્માસ પ્રાપ્ત થતાં સમસ્ત ગામવાસીઓના હૈયા હરખાઈ રહ્યા છે. અમ આંગણે ઘણા સમયની પાનખર બાદ ચાતુર્માસિક આરાધનાના વસંત ખીલશે. આ અવસરે આનંદધનજી મ.સા. ના શબ્દો યાદ આવે છે કે,

**''અવસર બેર બેર નહીં આવે....''**

**તો ગામવાસીઓ, નિયાણી બહેનો, સાજન મહાજન, આમંત્રિત મહેમનો....**

**અમારા ઉલ્લાસમાં હર્ષ ભેળવવા જરૂર અમ આંગણે પધારશો....**

**પૂજ્યશ્રીનો મંગલમય ચાતુર્માસ પ્રવેશ**
**આષાઢ સુદ છઠ (૬) તા. ૧૦.૦૭.૨૦૧૬, રવિવારના સવારના ૧૦.૦૭ કલાકે થશે.**

**લી : શ્રી. ક.દ.ઓ. જઅન જશાપર મહાજનવતી ટ્રસ્ટી ગણ**

## પહેચાન

### "A Mission to help indentity yourself"

થોડા સમય પહેલાં મેં મારો કાઉન્સલીંગના અનુભવ વિષે પ્રકાશ સમીક્ષામાં લેખ લખ્યો હતો અને મને એનો સારો પ્રતીસાદ પણ મળ્યો હતો માટે હું આ લેખ લખી રહી છું. સામાન્ય વ્યક્તિ એમજ સમજે છે કે કાઉન્સલર પાસે એ વ્યક્તિ જાય જે પોતાનું ''માનસિક સંતુલન'' ગુમાવી, બેઠું હોય અને પરિવાર અને સમાજ એને 'Mental' તરીકે ગણે છે. પણ આ માન્યતા એકદમ ખોટી છે. હવે હકીકત શું છે અને આપણે કેવી રીતે સમાજ અને પરિવાર એને સ્વીકારીયે એ બાબત હું અહિંયા લખીશ.

કાઉન્સલીંગ શુ છે અને કાઉન્સીલર પાસે શા માટે જવું ? કાઉન્સલીંગ માનવીય જરૂરીયાત માટે માનવીય સુજાવ છે. આપણે સમજીયે છીએ કે મનુષ્ય જીવનમાં ઉતાર ચડાવ, ચડતી પડતી, ઘણી એ વખત આવે છે, જે આપણે વ્યક્તિગત રીતે ઉકેલી શકતા નથી. આવા વખતે આપણે પરિવાર, પરમમિત્ર અથવા અજાણી વ્યક્તિ પાસેથી પણ મદદ લઈને સમસ્યાનો ઉકેલ લાવીયે છીએ. કોઈવાર સમસ્યા ઓછી થાય, અથવા સમાપ્ત પણ થઈ જાય અથવા આપણે પણ 'જવા દો' વાળી રીત કેળવી લઈએ છીએ. હવે આપણે શું કરવું અથવા સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો એ માટે આપણે આપણા પરિવાર અથવા મિત્રોની પણ અમુક કારણસર મદદ માંગી શકતા નથી. આ પરિસ્થિતી બહુ વીક્ષ્મ હોય છે. એની આપણા મન અને શરીર પર પણ અસર થાય છે.

સમસ્યા આર્થિક, શારીરિક, વ્યક્તિગત, માનસિક, મેડીકલ અથવા સામાજીક પણ હોઈ શકે છે. એ સમસ્યા પછી ભાવનાત્મક બની જાય છે, જ્યારે એનું કાઈ સમાધાન મળતું નથી. મનુષ્ય ને જ્યારે હતાશા ઘેરી વળે છ, ત્યારે એ લડવાની શક્તિ અને મનોબળ ખોઈ બેસે છે. તમે અથવા તમારા પ્રિયજન આવી પરિસ્થિતિમાં હોય ત્યારે તમારે તમારું મન મકકમ કરી, આત્મ વિશ્વાસ અને પૂરા હિમ્મતથી કાઉન્સલર પાસે પહોંચવું અને એ જરૂરથી તમારી મદદ કરશે.

માનસિક તનાવ માટે કાઉન્સલર પાસે દિવસમાં ૩ વખત લેવા જેવી દવા નથી. કાઉન્સલર એ અરિસો છે. અરિસામાં જોયા વગર તમારા વાળ બરાબર ઓડાયા છે કે નહીં એ તમે જાણતા નથી. અરિસો તમને વાસ્તવિકતા બતાવે છે. તે પ્રમાણે કાઉન્સલર પણ તમને તમારી માનસીક પરિસ્થિતિ બતાવે છે એ જોઈ ને તમારે નક્કી કરવાનું છે કે તમે ફેરફાર કરવા માંગો છો કે પછી જેમ ચાલે છે એમજ તમે ખુશ છો.

કાઉન્સલર એ વ્યક્તિ છે જે તમને, તો જેમ છો, જેવા છો એવી રીતે તમને સ્વીકારે છે. તમે જો કોઈ પણ મનની વ્યથા દર્શાવા ચાહો છો એ કોઈ પણ જજમેન્ટ ર્ક્યા વગર, પૂરા વિશ્વાસ અને શાંતીથી તમને સાંભળે છે. તમે નીસંકોચ એને બધી ખાનગી વાતો કહી શકો છો તે એક તીજોરી (Safety Valut) નું કામ કરે છે. તમે એક વાર તમારા મનના વિચાર એમની પાસે ડીપાઝીટ કરી નાખો તો તે વાત એકદમ સુરક્ષીત રહેશે. તમારી આજ્ઞા વગર તમારી કોઈ પણ વાત બહાર નીકળશે નહીં. Confidentiality આ કાઉન્સલરની મોટામાં મોટી ખૂબી છે. તમારા વિચારોના ડબ્બા આડા અવડા થઈ જાય યા પાટા વરથી ઉતરી જાય તો કાઉન્સલર એને સીધા રસ્તે લગાડવામાં મદદ કરેં છે. તમારું ખોવાઈ ગયેલું અસ્તીત્વ પાછું લઈ આપવામાં પૂરે પૂરી મદદ કરે છે.

તમને ક્યારે પણ શંકા હોય અને લાગે કે મારા મનમાં વિચારો ગુંચવાઈ ગયા છે અને આવી પરિસ્થિતિમાં હું કોઈને આ બાબત વાત પણ નથી કરી શકવાની સ્થિતિમાં નથી એવા સમયમાં તમે આ નીચે આપેલ સવાલોના જવાબ આપીને જુવો તમારી સમસ્યાનો ઉકેલ જરૂરથી મલી જશે.

નીચે ૧૫ સવાલ છે, જેના જવાબ તમને આપવાના છે. પૂરી ઈનામદારીથી માર્કસ પણ આપવાના છે. દર એક સવાલને તમે ૧-૫ માર્ક આપી શકો છે.

૧. શું તમને રાત્રે ઉંઘ નથી આવતી અને વિચારોના વાદળા હંમેશા ઘેરાયેલા હોય છે ?

૨. શું તમને સારું ભોજન જમવાનું મન નથી થતું ? જે મલે તે ખાઈ લો છો ?

૩. તમે વગર વિચારે ખાયા કરો છો અને ખોરાક પણ ઘટતો જાય છે ?

૪. શું તમને રડવાનું મન થાય છે ?

૫. શુ તમે હર કોઈ પર ગુસ્સે થાવ છો ?

૬. રસ્તા પર કોઈ વ્યક્તિ નિયમનું પાલન ન કરે તો એની ઉપર પણ ગુસ્સે થાવ છો ?

૭. હર વખત તમે શું ઉતાવડમાં છો ? તમે હંમેશા એવું લાગ્યા કરે છે કે ઘણા કામો બાકી છે ?


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી**

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પૂ. જયદર્શિતાશ્રીજીનું ચાતુર્માસ ચાલીસગામમાં

પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. ઠા. ૨ નું ચાતુર્માસ આ વર્ષે ચાલીસગામનાં તીર્થે હશે. ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદ-૬, રવિવાર તા. ૧૦ જુલાઈના સવારના ૮.૩૦ કલાકે થશે.

ચાતુર્માસ પ્રવેશના કાર્યક્રમ પછી શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓના બહુમાનનો તથા નૂતન દાતાઓના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

## તીરૂપુરમાં આયંબીલ ઓળી

તીરૂપુરમાં ચૈત્ર માસની આયંબિલની ઓળી શ્રી સંપતરાજજી કાર્તિક સોલંકી તથા શ્રી પારસમલજી કાનુગાજી તરફથી કરાવવામાં આવેલ. દસ દિવસ મળી ૩૨૫ આયંબિલ થયા. પારણાનો લાભ પણ એજ પરિવારે લીધો.

સિધ્ધચક્ર પૂજનનો લાભ શ્રી પારસમલજી કાનુગાજી પરિવારે લીધો. પૂજન ભણાવવા કોઈમ્બતૂર થી શ્રી બિપીનભાઈ આવેલ. સકળ સંઘે લાભ લીધેલ. બપોરનાં સ્વામીવાત્સલ્ય પણ એજ પરિવાર તરફથી રાખેલ

## ધ્રોળ પરિવારની પહેડી

કચ્છ ગોધરા તથા કોટડી મહાદેવપુરીના શ્રી ધ્રોળ પરિવારના શ્રી સચ્ચામાતાજીની ૧૧મી સમુહ પહેડી માતુશ્રી પ્રેમાબાઈ દેવશી ધ્રોળ હસ્તે વિદ્યાબેન મહેન્દ્ર ધ્રોળ તરફથી રવિવાર તા. ૧/૫/૨૦૧૬ ના રોટરી કલબ હૉલ, ડોંબિવલી ઈસ્ટ મધ્યે યોજવામાં આવેલ જેમાં શ્રી અનંત મિત્ર મંડળ - ભાંડુપે રાસ-ગરબાની રમઝટ જમાવેલ.

આવતા વર્ષની પેડીના દાતા તરીકે માતુશ્રી દમયંતીબાઈ ઉમરશી જીવરાજ ધ્રોળ કોટડી હસ્તે ધર્મિષ્ઠાબેન મનિષ ધ્રોળ, કાંજુમાર્ગવાલાનું નામ જાહેર કરવામાં આવેલ.

## પ્રબોધ મુનવરની ટીમે ભુજમાં મળેલા સુરતના બાળકોને કુટુંબને સોંપ્યા

જ્ઞાતિ આગેવાન અને માનવ જ્યોત ભુજના પ્રમુખ પ્રબોધ મુનવરની ટીમે સંભવતા જ માતા દ્વારા ભુજમા ત્યજી દેવાયેલા સુરતના બે બાળકોના કુટુંબની તેમની પાસેના નાસ્તાના પેકેટ પરથી જાણ મેળવી તેમનો કુટુંબીઓને સોંપી પોલીસસહિત સૌની શબાશી મેળવી હતી.

સૂરતનાં ગુમ થયેલા બે બાળકો ૩૦ દિવસ પછી માનવજ્યોત સંસ્થા ભુજ નાં પ્રયત્નોથી મળી આવતાં પરિવારજનો એ ખુશી વ્યક્ત કરી હતી.

## સુથરી ઉત્સવ નિમિત્ત સુથરી-ભુજ સંઘનું આયોજન

શ્રી સુથરી મહાતીર્થ સહિરક શતાબ્દી સ્મૃતિપર્વ તથા ૧૭૭મી ધ્વજારોહણ અવસરે એકાદશાન્હિકા મહોત્સવ રથયાત્રા પ્રસંગે શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા ભુજથી સુથરીનાં સંઘનું આયોજન કરવામાં આવેલ. સુથરી રથયાત્રા વરઘોડામાં ભાગ લઈ બપોર પછી સંઘે કોઠારા-જખૌ-નલીયા-તેરા-શ્રી પાર્શ્વવલ્લભઈન્દ્રધામ તીર્થ જિનાલયોનાં દર્શન કર્યા હતા.

## ક.દ.ઓ. ભુજ સમાજ ગુણપાર્શ્વનાથ તીર્થની વર્ષગાંઠમાં સહભાગી

શ્રી ગુણપાર્શ્વનાથ જૈન તીર્થ દેઢીયા-કચ્છની ૧૩મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી, ભુજ સમાજનાં ૫૧ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી ધ્વજારોહણ પ્રસંગ દિપાવ્યો હતો.

આ ભાઈ-બહેનોએ શ્રી ગુણપાર્શ્વનાથ દેઢીયા, આદિનાથ જિનાલય દેઢીયા, શિવમસ્તુ સાધના કેન્દ્ર, અજીતનાથજી જૈન દેરાસર બંદર રોડ, માંડવી, ૭૨ જિનાલય તીર્થ ની યાત્રા કરી હતી.

ભુજ સમાજનાં પ્રમુખશ્રી પ્રબોધ મુનવર તથા મંત્રીશ્રી ખુશાલ કે. લોડાયાની આગેવાની હેઠળ થયેલા આયોજનમાં ચેતન ખોના, વિનજય મૈશેરી, એલ. યુ. મૈશેરી, તિલક ડાઘાએ સહકાર આપ્યો હતો.

## માનવજ્યોત ભુજ દ્વારા કુંડા અને ચકલીઘર વિતરણ

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા સંસ્થાનાં અધ્યક્ષ શ્રી પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ કચ્છમાં કુંડા-ચકલીઘર વિતરણની જીવદયાની પ્રવૃત્તિ સમગ્ર કચ્છનાં શહેરો-ગામડાંઓ સુધી પહોંચી છે. સંસ્થા દ્વારા ગયા વર્ષથી દર વર્ષે ૧૦ હજાર થી વધુ કુંડા તથા ૭ હજાર થી વધુ ચકલીઘરોનું વિતરણ કરવામાં આવે છે. શ્વાનો અને ગૌમાતાઓ માટે સિમેન્ટની ચાડીઓ ઠેર-ઠેર ગોઠવવામાં આવી છે. જેથી તરસ્યા પશુઓ પણ પોતાની પ્યાસ


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

બુઝાવી શકે છે.

ચાલુ વર્ષે મોરબી-રાજકોટ-અમદાવાદ-જામનગર-ભાવનગર-જુનાગઢ સુધી કુંડા-ચકલીઘરો પહોંચ્યા પછી કચ્છ આવેલા એન.આર.આઈ. માટીનાં આ કુંડા-ચકલીઘર આફ્રિકા-અમેરીકા-મસ્કત સુધી લઈ ગયા છે. આમ આઠ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી જીવદયાની આ પ્રવૃતિએ કચ્છનાં સીમાડા ઓળંગ્યા છે. હવે ઘોરડો, સફેદરડા, કાળોડુંગર વિગેરે સ્થળોએ પણ કુંડા-ચકલીઘર લટકતાં જોવા મળે છે.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થપાયેલ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શનમાં ચાલતા પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટને કરી રહેલ દર બુધવારના ગરીબોને ભોજન કરવવો માટે નીચે જણાવેલ સહયોગ મળ્યો છે.

**કાયમી તિથી :** હરીશ મુલજી મોમાયા (મુંબઈ-કોપર), પ્રભાબેન હિરજી ખોના (ડોંબિવલી), વાસંતીબેન હીરજી ખોના હસ્તે હેમલ જય પોલડિયા (મુંબઈ), માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ ખોના (એલ. જે. શાહ-હુબલી), પ.પૂ. શ્રી ગુલલક્ષ્મીજીશ્રીજી મ.સા. હસ્તે ગુલાબચંદ આશારિયા લોડાયા (અંકલેશ્વર), ડૉ. ઉર્વશી મેઘજી ધરમશી, પ્રિયમવદા મેઘજી ધરમશી, હસ્તે તક્ષશીલા, વિધાતા મેઘજી ધરમશી (તારદેવ), ઉમરશી શામજી મેપાણી હસ્તે સરોજ પ્રદીપ મેપાણી - પારુલ યોગેશ ધુલ્લા (વડાલા), કે.ડી.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ (ધુલીયા), માતુશ્રી રતનબાઈ હિરજી શિવજી લોડાયા (બાંઢીયા-કોટનગ્રીન), હીના રતીલાલ દામજી ધ્રોળ (ડોંબિવલી-સાંયરા), લાલજી ગોવિંદજી મોમાયા (સ્વર્ગવાસ તિથી નિમિતે), ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા હસ્તે વિજયભાઈ લીલાધર મોમાયા (માટુંગા-સાંયરા), પુષ્પાબાઈ ચંદુલાલ ડાઘા-હર્ષાબેન વિપુલ ડાઘા હસ્તે સદ્ગૃહસ્થ), જયચંદ દામજી પોલડિયા (બરહાનપુર), રતનબાઈ જેઠાભાઈ લોડાયા (મલાડ-નલીયા), સોહમ રાજા ગાંધી હસ્તે માનબાઈ હિરાચંદ (ઘાટકોપર), સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), લીલાવંતીબેન ગોવિંદજી નાગડા હસ્તે પૂર્ણીમા સુરેશ નાગડા (નાંદેડ).

### ગદગ માં દશાન્હિકા મહોત્સવ

ગદગમાં માર્ચ મહિનાની પ્રારંભમાં પ.પૂ. સર્વોદયસાગરજી મ.સા. અને પૂ. ગુણવલ્લભસાગરજી મ.સા. ની નિશ્રામાં દશાન્હિકા મહોત્સવ ઉજવાયો હતો. જેના ભાગરૂપે પાર્શ્વપ્રભુના વિવિધ અનુષ્ઠાન, સરસ્વતિ વિધા અનુષ્ઠાન, ગિરનાર ભાવ યાત્રા, મહાવીર ઉપસર્ગ ભાવ યાત્રા આદિ કાર્યક્રમો યોજાયા હતા રોજ રાતે સુખ પરિવાર, વ્યસન છોડવા, ગુસ્સો છોડવા, જીવનમાં સફળ થવા, માતૃ-પિતૃવંદના વિશે પ્રવચન થયા હતા.

### ભગત સેં ભગવાન



ભગતો ને ભગવાન સેં મુલાકાત કરલી
નજર સેં નજરને મુલાકાત કરલી,
રહે દોનો ખામોસ ઔર બાત કરલી,
ક્યા બાત કી ?
ભગતી હમારી ખેતી, બડ઼ે ખુશનશીબ સેં રોપી,
પડ઼-પડ઼ આંખો ને બરસાત કરલી
ન પી શકા, ન ભીંજ શકા,
એસીટી ગિરાદી.
ભગતી કે મારા કા હાલ ન પુછો
કહાં - દિન નિકાલા કહાં રાત નિકાલી,
નજર ને નજર સેં મુલાકાત કરલી
રહે દોનો ખામોસ ઔર બાત કરલી
- **ભદ્રી પટેલ,** ભાંડુપ - સાધાણ

ભગતો કા મારા = સાધુ - સંત
ખાપોસ = ચુપ
નજર સે નજર = ભગત ઓર ભગવાનકી એકજ દ્રષ્ટી

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શાશ્વત મહાતીર્થ શેત્રુંજય
આદિશ્વર દરબારની સાલગીરી
આ વર્ષે તા. ૨૭/૫/૨૦૧૬ના આવે છે
તેને મહાપર્વ રૂપે
ધામધુમી ઉજવીએ.

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૫-૧૬ | થાણે | નિદિપ પ્રવિણ માણેકજી લોડાયા | સાંધવ | ૨૭ |
| | ઘાટકોપર | હેતલ મહેન્દ્ર રતિલાલ નાગડા | બાયઠ | ૨૬ |
| ૧૯-૦૫-૧૬ | મુલુંડ | હેમંત નિતીન નેણશી ધરમશી | સુથરી | ૩૦ |
| | કામોઠે | રૂપાલી યોગેશ સોમચંદ કુરૂવા | ગોધરા | ૨૬ |
| ૧૯-૦૫-૧૬ | ઘાટકોપર | સાગર અજય ગોવિંદજી ખોના | ગોરખડી | ૨૬ |
| | ચાલીસગામ | ખુશ્બુ રાજેશ વેરશી શિયાલ | દલતુંગી | ૨૬ |
| ૨૦-૦૫-૧૬ | ખીરકીયા | સુમીત લલિત મુરજી નાગડા | લાલા | ૨૬ |
| | નાગપુર | વૈશાલી ચંદ્રકાંત વેલજી પોલડીયા | ડુમરા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૫-૧૬ | થાણે | પ્રતિક જયેશ ગોવિંદજી ખોના | નલિયા | ૨૭ |
| | મુલુંડ | અંકિતા સુનીલ જગન્નાથ ચૌધરી | ભુસાવલ | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૪-૧૬ | કોચીન | ગૌરાંગ દીપક પોલડીયા | રંગપુર | ૨૮ |
| | ડોમ્બીવલી | અંજલી રમેશ જીવરાજ ધરમશી | ગોરખડી | ૨૩ |
| ૧૮-૦૫-૧૬ | થાણે | શશાંક મૃગેન લક્ષ્મીચંદ નાગડા | નલિયા | ૨૬ |
| | ભુજોડી | જીંકલ હરિશ શીવજી લોડાયા | વારાપધર | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૫-૧૬ | કોચીન | મણીબેન મેઘજી લાલજી ધરમશી | જશાપર | ૮૬ |
| ૧૫-૦૫-૧૬ | સાંધવ | કાનજી ચાંપશી જીવરાજ દંડ | સાંધવ | ૭૫ |
| ૧૬-૦૫-૧૬ | ભાંડુપ | સુશીલાબેન પદમશી ઠાકરશી લોડાયા | તેરા | ૭૩ |
| ૧૮-૦૫-૧૬ | કાંજુરમાર્ગ | જયાબેન ચીમનલાલ મૈશેરી | જખૌ | ૮૩ |
| ૧૮-૦૫-૧૬ | અમદાવાદ | શાંતિલાલ વિશનજી લોડાયા | વારાપધર | ૮૨ |
| ૨૦-૦૫-૧૬ | ધુલિયા | મીનાબાઈ અમરચંદ ડાઘા (ભાટે) | ગોએરસમા | - |

## જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ લેવા અનુરોધ.

જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા ભારત સરકારની ૩ સ્કીમ છે અને ભારતના તમામ રાજ્યના જૈનોને તેનો લાભ મળશે.

આ ત્રણ સ્કીમમાં : (૧) પ્રિ. મેટ્રીક, (૨) પોસ્ટ મેટ્રીક અને (૩) મેરીટ ક્રમ મિન્સ સ્કોલરશીપ. વિદ્યાર્થીઓને ૧ હજારથી લઈ ૪૦,૦૦૦ સુધીની સ્કોલરશીપ મળી શકે છે. અગાઉ લાભ લેનારા વિદ્યાર્થીઓને પૂરી ફી પરત મળી ચૂકી હતી. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે જૈન માઈનોરીટી સર્ટીફિકેટ'ની પણ જરૂરિયાત નથી. માત્ર ૩૦ મિનિટમાં સાદું ફોર્મ ભરી ઍફીડેવીટ કરાવી સ્કોલરશીપ મળી શકે છે.

વર્ષ ૨૦૧૫માં સ્કોલરશીપમાં કેટલોક ફેરફાર કરાયો છે. ધોરણ – ૯, ૧૦, ૧૧, ૧૨, ડિગ્રી, માસ્ટર ડિગ્રી, પીએચ.ડી., ડિપ્લોમા સુધીના અભ્યાસક્રમ માટે તમામ વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરવાના છે. www.scholarship.gov.in – આ ભારત સરકારની માન્ય વેબસાઈટ છે. તેના પરથી ફોર્મ ભરી, પ્રિન્ટ કાઢી લેવી. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ જૈન સબમીટ / એપ્લાય / ઓ. કે. કર્યા પછી વેબસાઈટમાં કોઈ ફેરફાર થઈ શકતો ન હતા. પહેલા પૂરી માહિતી લખીને ઓનલાઈન ફોર્મ ભરવું. ફોર્મ સંપૂર્ણ ભરવું ફરજીયાત છે. અધૂરી માહિતીવાળું ફોર્મ રીજેક્ટ થઈ શકે છે. www.minority affairs.gov.in – આ વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

**– સંકલન**

# પ્રથમ
# પુણ્યતિથિએ
# શ્રદ્ધાંજલિ



**જનનીની જોડ સખી,**
**નહીં જડે રે લોલ !**

## સ્વ. માતુશ્રી કસ્તુરીબેન તિલકચંદ ડુંગરશી મોમાયા (ભઠારા)

**અરિહંત શરણ : તા. ૨૯/૫/૨૦૧૫**

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસ્વીર આપની
હૈયું માનવા તૈયાર નથી, કે હયતી નથી આપની
હૃદયમાં વાસ તમારો, ક્ષણ-ક્ષણ પર ભૂલાતો નથી
માતા-પિતાના ઉપકારો ને પરમાત્મા પણ ભૂલતો નથી

હે માતા, આપના ગુણોરૂપી વિકસિત પુષ્પોથી, સુગંધ અમને મળજો,
આપના સંસ્કાર સિંચનથી વવાયેલા ગુણ બીજો અમને ફળજો,
આપશ્રીનો આવરણીય આત્મા જ્યાં હોય ત્યાં સર્વમુખી પ્રગતિ પામજો,
તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**લિ. આપની સ્મૃતિમાં**

માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા (ભઠારા) પરિવાર (રાયપુર)
માતુશ્રી ભચ્ચીબાઈ લખમશી રાઘવજી મૈશેરી પરિવાર (રાયપુર)

| | | | |
|---|---|---|---|
| પતિ | : | તિલકચન્દ ડુંગરશી મોમાયા હાલે અહમદનગર | (રાયપુર) |
| પુત્રી | : | કલ્પના રમેશ લોડાયા હાલે અહમદનગર | (રાપરગઢવારી) |
| પુત્રી | : | વીણા જવેરચંદ લોડાયા હાલે ભાંડુપ | (બાયઠ) |
| પુત્રી | : | મનિષા દીપક લોડાયા હાલે નિઝામાબાદ | (તેરા) |
| પુત્રી | : | યોગિતા મનીષ લોડાયા હાલે નાસિક | (બારોઈ) |
| દોહિત્રિ | : | નેહા ગૌરવ દંડ હાલે મલકાપુર | (વરાડિયા) |
| દોહિત્રિ | : | નિયતિ જિગેશ મૈશેરી હાલે થાણા | (જખૌ) |
| દોહિત્રિ | : | નિરલ જવેરચંદ લોડાયા હાલે ભાંડુપ | |
| ભાવિ દોહિત્રિ જમાઈ | : | સંકેત કિરિટ ભવાનજી શાહ હાલે પાચોરા | (વારાપધર) |
| દોહિત્રા-દોહિત્રિ | : | મિહિર, ફેનિલ, દર્શન, જીનિશા, ટીશા | |
| પરદોહિત્રિ | : | ભૂમિ | |

**તિલકચંદ ડુંગરશી મોમાયા : 070576 20885**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## હાર્દિક અભિનંદન

ભાંડુપ કચ્છી દશા ઓશવાલ જૈન સંઘના
અગ્રણી શ્રી રાજેશ લોડાયાની સેવાઓને ધ્યાનમાં રાખીને
તેમની મોહલ્લા સમિતિના સભ્ય અને પોલીસ મિત્ર તરીકે
નીમણૂંક થઈ છે. તે બદલ
ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા !
**શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ**



ભાંડુપ પોલીસ સ્ટેશનના શ્રી શ્રીપાદ કાલે સાહેબ અને શ્રી સૂર્યવંશી સાહેબ
શ્રી રાજેશ લોડાયાને અભિનંદન આપી રહ્યા છે.



## ગોસર-નાગડા પરિવારનું ગૌરવ ચિ. મિત વિજય ગોસર (જૈન)

દિલ્હી ખાતે તા.૫ અને ૬ ડિસેંબર, ૨૦૧૫ના ''UCMAS'' (ગણિત શાસ્ત્ર)ની કેટેગીરી ''G''ની ૨૦મી આંતરાષ્ટ્રીય પરિક્ષા યોજાયેલ, દુનીયાયસ ૧૧ દેશમાંથી લગભગ ૧૧૦૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ એ ભાગ લીધેલ. ચિ. મિત વિજય ગોસર (જૈન) બીજા રનર્સ અપની ટ્રોફી જીતી સમગ્ર કચ્છી દશા ઓશવાલ તથા ગોસર-નાગડા પરિવારનું નામ રોશન કરેલ. **ખુબ ખુબ અભિનંદન**

**આશિષ :**

દાદી-દાદા : કસ્તુરબાઈ કલ્યાણજી જેઠાબાઈ ગોસર (બારોઈ) હાલે સેંધવા (M.P.)
નાની-નાના : વિજયાબાઈ પદમશી મુરજી નાગડા (નલીયા) હાલે ટિટવાલા, મુંબઈ
તેમજ સમસ્ત ગોસર-નાગડા પરિવાર



## પેરા લીગલ સ્વયંસેવિકા જલ્પા વિજય વિક્રમશી

મૂળ રાણપરના વિજય વિક્રમશીના જીવનસાથી અને ચંદ્રકાંત મેઘજી વેલજી મોતા (વાંકુ) ના દીકરી. જલ્પાબેન દમણ વિસ્તારના જાણીતા-માનીતા સમાજસેવિકા છે. તેમને દમણ કોર્ટે પેરા લીગલ વોલીંટીયર નીમ્યા છે. સુપ્રીમ કોર્ટે પણ તેમને બાળકો અને સ્ત્રીઓ પર થતા અત્યાચાર બાબત પોલીસ સાથે તપાસ કરવા મંજૂરી આપેલ છે. હાલમાં તેમણે દમણમાં માનવ ખાસ કરીને સ્ત્રીઓને દેહ વ્યાપારમાં ધકેલવા વિશેનો વિશેષ કાર્યક્રમ યોજવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો.



### મહેંદીની મહેક વિદેશમાં !!

મહેંદી કીંગ વીણા નાગડાની સાથે યુરોપના વિયેના મુકામે, ભારતના સુપર બીઝનેશમેન ''સંજન જિંદાલના સુપુત્રના મંગલ માંડવે અમારી ચિ. મિનલે સખ્યાબંધ હાથે મહેંદી રચતાં વિદેશમાં પણ ''લહેર''ની રંગોળીઓ ચિતરાતાં અમ મનડે પણ મહેંદી મહેકી ઉઠી વિણા બહેન આપનો દિલોજાન આભાર.

અ.સૌ. રમીલા દિનેશ વિશનજી દંડ • રાહુલ-પ્રવીણ તથા વિરતી પીઠડીયા

### પાસ થયા અભિનંદન



**મોનિકા નયના વસંત મોતા**
(લાલા-ડોંબિવલી)
**F.Y.B.A.**

નોંધ : જ્ઞાતિના SSS કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,